
# શાહ નરોતમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજ

## વલસાડ



# PROSPECTUS
# 2015-2016



Pri. Dr. J. M. Naik
M.Com., LL.B., M.Phil., Ph.D.

## Vision and Mission of the College

**VISION :**

To provide opportunities of High Education in Commerce stream to the youth of surrounding areas without any distinction of caste, creed, religion, Community or Class.

To endow them with knowledge and skill which will enable them to meet the challenges of the modern world and make them economically selfreliant.

To impart value based education to the students, to make them aware of their own potentialities and to develop the quality of entrepreneurship in them as propounded in our emblem "साहसे श्रीः प्रतिवसति" which means "Prosperity lies in enterprise."

**MISSION :**

To encourange qualities of leadership, self confidence and patriotism in them and to inculcate the sense of social obligations so as to make them good citizens and honest and truthful Indians. To provide guidance and help to the students in their over all development through academic as well as co-curricular and extracurricular activites since "Every student is special" for Shah N. H. Commerce College.

**Best Boy & Girls Awards for Excellent Activity in curricular and co-curricular activities. Sponsored By: Sant Buddhadevji Maharaj**

**ACADEMIC YEAR 2010-2011**



T. Y. B. Com.
Miss Namrata Shah



M.Com. Part-II
Mr. Maunik Parmar

**ACADEMIC YEAR 2011-2012**



T. Y. B. Com.
Mr. Hitesh Bhoya



M.Com. Part-II
Miss Yamini Tandel

**ACADEMIC YEAR 2012-2013**



T. Y. B. Com.
Mr. Rajeev Valvi



T. Y. B. Com.
Miss. Siddika Qureshi

**ACADEMIC YEAR 2013-2014**



M.Com.
Miss. Shivani Aacharya



M.Com.
Mr. Raman Dadhav

**ACADEMIC YEAR 2014-2015**



T. Y. B. Com.
Miss. Kalyani Ashok



T. Y. B. Com.
Mr. Vitan Vora

*The highest education is that which does not merely give us information but makes our life in harmony with all existence.*

*- Rabindranath Tagore*

# આચાર્યશ્રીનો ભાવભીનો આવકાર

મારા વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

નૂતન શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ ના વર્ષમાં આપ સૌને હૃદયપૂર્વક આવકારતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

દક્ષિણ ગુજરાતની પ્રતિષ્ઠિત એવી આ કોલેજમાં એડમીશન લો છો ત્યારે એવા મક્કમ નિર્ધાર સાથે કોલેજમાં ડગ માંડશો કે ત્રણ કે પાંચ વર્ષ આ કોલેજમાં અભ્યાસ કરીને એક શ્રેષ્ઠ વિદ્યાર્થી અને ભારતના શ્રેષ્ઠ નાગરિક તરીકેની ઓળખ સાથે સ્નાતક કે અનુસ્નાતકની ડીગ્રી તમારે મેળવવી છે. રાષ્ટ્રીય શિક્ષણ પંચે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓને વિદ્યાર્થીઓ માટે આત્માનુભૂતિ અને આત્માભિવ્યક્તિનું સાધન ગણ્યું છે. અને સાથે જ આ પંચે ભલામણ કરી છે કે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે દરેક કૉલેજ સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું સુપેરે આયોજન કરવું જોઈએ. આ કૉલેજના સુકાની તરીકે ચાર્જ સંભાળ્યાને મારે દશ વર્ષ થઈ ગયા ત્યારે મારા પ્રારંભના આ દશ વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય શિક્ષણ પંચની આ ભલામણનો મેં નમ્રપણે અમલ કર્યો છે જેનાથી આપ સૌ સુપેરે પરિચિત છો જ ! એ જ રીતે મુદલિયાર પંચે પણ નોંધ્યું છે કે વિદ્યાર્થીઓમાં સંતુલિત વ્યક્તિત્વ વિકસાવવા અને જીવનલક્ષી શિક્ષણ આપવા સહઅભ્યાસ પ્રવૃત્તિઓ થકી જ આ શકય બને છે. મારી દષ્ટિએ સહઅભ્યાસ પ્રવૃત્તિને શિક્ષણનો પ્રાણ કહી શકાય. જે કૉલેજોમાં આવી પ્રવૃત્તિઓ સુપેરે થતી હોય તેવી કૉલેજમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ શકય બને છે.

અબ્રાહમ લિંકને પોતાના પુત્રના આચાર્ય પર પત્ર પાઠવ્યો હતો. તેમાં જણાવ્યુ હતું કે "મારા પુત્રને એકાંગી પ્રકારનું શિક્ષણ આપશો નહીં તેને શિક્ષણની સાથે સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું પણ જ્ઞાન જરૂરથી આપશો." કોઈપણ શૈક્ષણિક સંસ્થાની પ્રગતિની પારાશીશી તેની અભ્યાસ અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ છે. સહઅભ્યાસ પ્રવૃત્તિઓને અંગ્રેજીમાં કો-કરીકયુલર એકટીવીટીઝ કહેવામાં આવે છે. સીલેબસના બૌદ્ધિક વિષયોની સાથે સાથે જે પ્રવૃત્તિઓનું મહત્ત્વ સ્વીકારાયું છે તેને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ કહી શકાય.

સહઅભ્યાસ પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ આવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના overall Development નો રહેલો છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં સારી ટેવોનું ઘડતર કરવું, વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિને વિકસાવવી, તેમનામાં અનુશાસનની ભાવનાનો વિકાસ કરવો, લીડરશીપના ગુણનો વિકાસ કરવો, વિદ્યાર્થીઓના ઈતર જ્ઞાનમાં વૃદ્ધિ કરવી અને એ રીતે રાષ્ટ્ર માટે શ્રેષ્ઠ નાગરિકોનું નિર્માણ કરવા માટે કૉલેજ કક્ષાએ સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું વિશેષ મહત્ત્વ રહેલું છે.

પાઠયપુસ્તકોના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓ જે અનુભવો કૉલજના વર્ગખંડની ચાર દિવાલોમાં પ્રાપ્ત કરી શકતા નથી તેવા અનુભવો વિદ્યાર્થીઓ કૉલેજના ગ્રાઉન્ડ પર વિવિધ રમતો રમતાં-રમતાં, એકેડેમીક ટુર દ્વારા, અનેકવિધ કલ્ચરલ અને સ્પોર્ટસની પ્રવૃત્તિઓ દ્વારા મેળવી શકે છે અને પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકે છે.

સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પ્રેરી શકાય છે. તેમનામાં વિવિધ રસો અને વલણો કેળવી શકાય છે. પરસ્પર સહકારની ભાવનાનો વિકાસ શકય બને છે. વિદ્યાર્થીઓને તેમના સ્પેર ટાઈમના સદ્‌ઉપયોગની ટેવ પડે છે. આવી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્ત્વના ગુણોનો વિકાસ શકય બને છે. તેમને સમૂહજીવનની તાલીમ મળે છે. યુવાન વર્ગનું શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે માનસિક સ્વાસ્થ્ય જાળવવામાં પણ આવી પ્રવૃત્તિ મદદરૂપ થાય છે. સાથે જ એમનામાં સાહસવૃત્તિ અને પહેલ કરવાની વૃત્તિ પણ કેળવાય છે. વિદ્યાર્થીઓમાં વકતૃત્વકળા, ચિત્રકળા, સંગીત તેમજ અન્ય શારીરિક કૌશલ્યોનો વિકાસ પણ આવી સહઅભ્યાસ પ્રવૃત્તિથી શકય બને છે.

સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં સાંસ્કૃતિક, સાહિત્યિક, શારીરિક, સામાજિક, નાગરિક પ્રશિક્ષણ તથા અભિરૂચી સંવર્ધક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

વિદ્યાર્થી મિત્રો, જો તમો કૉલેજના અભ્યાસની સાથે સાથે તમારા સમયનો સદ્‌ઉપયોગ કરીને ઉપર જણાવેલ તમારા રસ અને અભિરૂચીને ધ્યાનમાં લઈને તમને મનગમતી પ્રવૃત્તિઓમાં જોતરાશો તો અવશ્ય તમે તમારી શ્રેષ્ઠ કારકિર્દી બનાવી શકશો. અને જો કૉલેજના તમારા સુવર્ણ દિવસોને વેડફી નાંખશો તો આવતી કાલ તમને માફ કરશે નહીં. અસ્તુ.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સ્પર્શતા નિયમો

આપણી કોલેજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે કાયમી ધોરણે સંલગ્ન છે. જેથી વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના નિયમોનું પણ કોલેજના નિયમોની સાથે સાથે પાલન કરવું ફરજીયાત રહેશે.

## ૧. હાજરી અંગે

યુનિવર્સિટીના નિયમોનુસાર પ્રથમ સત્રના કામકાજના દિવસોના ૭૫ % અને બીજા સત્રમાં ૮૦% હાજરી સત્ર મંજૂર કરવા માટે હોવી જરૂરી છે. ટર્મ દીઠ નિયત હાજરી કરતાં ઓછી હાજરી હશે તો તેવા વિદ્યાર્થીઓની ટર્મ માન્ય રહેશે નહીં અને તેવા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસી શકશે નહીં.

## ૨. આંતરિક મૂલ્યાંકન અંગે

**(અ) સ્નાતક કક્ષાએ :**

આંતરિક મૂલ્યાંકનમાં વિષય દીઠ ૨૦ માંથી ૭ માર્કસ મેળવવાના રહેશે. કુલ વિષયના ૫૦% કરતા વધારે વિષયોમાં જો વિદ્યાર્થી આંતરિક મૂલ્યાંકનમાં ૭ માર્કસ મેળવી શકશે નહીં તો તેનું યુનિવર્સિટી પરીક્ષાનું આવેદનપત્ર પાછું ખેંચી લેવામાં આવશે જેથી તે યુનિવર્સિટીની પરીક્ષામાં બેસી શકશે નહીં. વિદ્યાર્થીએ ૫૦% થી વધુ વિષયની આંતરિક કસોટી આપવાની ફરજીયાત રહેશે.

આંતરિક મૂલ્યાંકનના માર્કસ નીચે મુજબ રહેશે.

**(અ) સ્નાતક કક્ષાએ :**

| | | |
|---|---|---|
| (I) | કોલેજની એક આંતરિક મૂલ્યાંકન કસોટી | ૧૦ માર્કસ |
| (II) | હાજરી, નિયમિતતા, વિ. | ૦૫ માર્કસ |
| (III) | લાયબ્રેરી વર્ક અને એસાઈનમેન્ટસ | ૦૫ માર્કસ |

**(બ) અનુસ્નાતક કક્ષાએ :**

આંતરિક મૂલ્યાંકનમાં વિષય દીઠ ૨૦ માંથી ૮ માર્કસ મેળવવાના રહેશે. એમ. કોમ. સેમેસ્ટર એક, બે, ત્રણ અને ચાર માટે આંતરિક મૂલ્યાંકનના વીસ માર્કસ નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| (I) | કોલેજની એક આંતરિક મૂલ્યાંકન કસોટી | ૧૦ માર્કસ |
| (II) | એસાઈનમેન્ટસ | ૦૫ માર્કસ |
| (III) | હાજરી | ૦૫ માર્કસ |

## ૩. યુનિવર્સિટીની પરીક્ષા

બધા જ વિષયોમાં યુનિવર્સિટી પરીક્ષાનું ભારણ ૫૦ માર્કસ રહેશે. યુનિવર્સિટી પરીક્ષામાં પાસ થવા માટે પ્રત્યેક વિષયમાં ૩૬ ટકા ગુણ લાવવાના રહેશે.

જે વિદ્યાર્થીઓના અગાઉની યુનિવર્સિટીની પરીક્ષાના આવેદનપત્ર પાછા ખેંચાયા હોય અને સત્રો મંજૂર થયા ન હોય તેમણે નવેસરથી કોલેજમાં પ્રવેશ મેળવી ફરજીયાત રીતે સત્રો ભરી આંતરિક મૂલ્યાંકનમાં પાસ થઈ યુનિવર્સિટી પરીક્ષામાં બેસવાની પાત્રતા મેળવવી પડશે.

## ૪. એન.એસ.એસ./પી.ટી.

પ્રથમ અને બીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે બે માંથી એકમાં જોડાવાનું ફરજીયાત છે. એન. એસ. એસ.માં જોડાનાર વિદ્યાર્થીને વર્ષ દરમ્યાન ૧૨૦ કલાક કામગીરી કરવાની રહેશે. જ્યાં કેમ્પ ગોઠવાયો હોય તે કેમ્પના સ્થળે જ હાજર રહેવું પડશે. પી.ટી. માટે ૭૫ % હાજરી જરૂરી છે. જે વિદ્યાર્થીની હાજરી એન.એસ.એસ. કે પી.ટી.માં પર્યાપ્ત નહીં હશે એવા વિદ્યાર્થીઓનું પણ યુનિવર્સિટી પરીક્ષાનું આવેદનપત્ર પાછું ખેંચવામાં આવશે.

## ૫. એન.સી.સી.

આપણી કૉલેજમાં NCC નું એક યુનિટ ચાલે છે. NCC માં જોડાનાર વિદ્યાર્થીઓ માટે લશ્કરમાં, નેવીમાં કે પોલીસ સેવામાં જોડાવામાં ઘણી તકો ઉપલબ્ધ થઈ શકે છે. સ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યાબાદ અનુસ્નાતક અભ્યાસક્રમમાં એડમીશન મેળવવા માટે મેરીટમાં NCC કેડેટ કે જે 'B' સર્ટિફિકેટ અને 'C' સર્ટિફિકેટ હોલ્ડર્સ છે તેમને અનુક્રમે ૨ અને ૩ ટકા વધુ ગુણ ગણવામાં આવે છે.

## ૬. લાયબ્રેરી વર્ક

ગ્રંથાલય કાર્ય માટે પણ આંતરિક મૂલ્યાંકનમાં પાંચ માર્કસ ફાળવવામાં આવેલ છે. એસાઇનમેન્ટ વર્ક માટે લાયબ્રેરીનો ઉપયોગ કરવો. ગ્રંથાલયના ઉપયોગ માટે નિયમો નોટિસ બોર્ડ પર વખતોવખત મૂકવામાં આવે છે.

## ૭. એનરોલમેન્ટ ફોર્મ

ફક્ત એફ. વાય. બી. કોમ. સેમેસ્ટર એકના વિદ્યાર્થીઓએ એનરોલમેન્ટ ફોર્મ નિયત તારીખ સુધીમાં ભરી દેવા ત્યાર પછી ફોર્મ ભરનાર વિદ્યાર્થી પાસે યુનિવર્સિટી નિયમ મુજબ દરરોજનો રૂા. ૧ દંડ વસૂલ કરવામાં આવશે.

**કહેવાતા ભણેલાઓને સંસ્કારી બનાવવાના અભિયાનો**
**શરૂ થયા હોય એવું સાંભળ્યું નથી.**
**વર્તમાનમાં જરૂર છે...**
**ભણેલાઓ સંસ્કારી બને**
**કારણ કે આખી દુનિયાને**
**અસંસ્કારી ભણેલાઓએ જ આજે બાનમાં લીધી છે.**

# સ્નાતક કક્ષાના વિષયો

## F.Y. B. COM.

**Semester-I**

1. Business Economics-I
2. Financial Accounting-I
3. Business Admi.-I
4. Statistics for business-I
5. Elements of Banking & Insurance-I
6. Foundation Course in English Written & Spoken Communication Skills-I
7. Environmental Study-I

**Semester-II**

1. Business Economics-II
2. Financial Accounting-II
3. Business Admi.-II
4. Statistics for business-II
5. Elements of Banking & Insurance-II
6. Environmental Study-II
7. Foundation Course in English Written & Spoken Communication Skills-I

## S.Y. B. COM.

**Semester-III**

1. Macro Economics-III
2. Accountancy & Taxation Comp.-III
3. Business Admi.-III
4. English(Comp.)-III
5. Advance Accounting & Auditing-I
6. Advance Accounting & Auditing-IV

OR

5. Statstics-III
6. Statstics-IV
7. Banking-I

**Semester-IV**

1. Macro Economics-IV
2. Accountancy & Taxation Comp.-IV
3. Business Admi.-IV
4. English(Comp.)-IV
5. Advance Accounting & Auditing-III
6. Advance Accounting & Auditing-IV

OR

5. Statstics-V
6. Statstics-VI
7. Banking-II

## T.Y. B. COM.

**Semester-V**

1. Problem of Indian Eco. Development-V
2. Mercantil Law-I
3. Business Admi.-V
4. English(Comp.)-V
5. I. Advance Accounting & Auditing-VII
   II. Advance Accounting & Auditing-VII

OR

5. Statstics-VII
6. Statstics-VIII
7. Banking-VIII

**Semester-VI**

1. Problem of Indian Eco. Development-VI
2. Mercantil Law-II
3. Business Admi.-VI
4. English(Comp.)-VI
5. Advance Accounting & Auditing-VII
6. Advance Accounting & Auditing-VIII

OR

5. Statstics-IX
6. Statstics-X
7. Banking-IV

# અનુસ્નાતક કક્ષાના વિષયો

## M. COM.

**Semester-I**

1. Economics of Growth & Planning Paper-I
2. Management Theory & Practice Paper - I
3. Advertising & Sales Management - I

4-5-6. Financial & Management Accounting Paper I, II & III

OR

4-5-6. Advanced Statistics Paper I, II & III

**Semester-II**

1. Economics of Growth & Planning Paper-II
2. Management Theory & Practice Paper - II
3. Advertising & Sales Management - II

4-5-6 Financial & Management Accounting Paper - IV, V & VI

OR

4-5-6 Advabced Statistics Paper - IV, V & VI

**Semester-III**

1. Organised Market Paper-I
2. Financial Management Paper - I
3. Stratigic Management Paper - I

4-5-6. Financial & Management Accounting Paper VII, VIII & IX

OR

4-5-6 Advanced Statistics Paper VII, VIII, IX

**Semester-II**

1. Organised Market Paper-II
2. Financial Management Paper - II
3. Stratigic Management Paper - II
4. Financial & Management Accounting Paper X, XI & XII

OR

4-5-6 Advanced Statistics Paper X, XI & XII

## સત્ર દીઠ ફીનું માળખું

| Sr. No. | Particulars | F.Y. B. Com. Sem. : 1st | S.Y. B. Com. T.Y.B. Com. Sem.: 3rd Sem.: 5th | F.Y. B. Com. S.Y. B. Com. T.Y. B. Com. Sem. : 2nd Sem. : 4th Sem. : 6th | M. Com. Sem.: 1st | M. Com. Sem.:3rd | M. Com. Sem.:2nd Sem.:4th |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Tuition Fee | 600 | 600 | 600 | 1400 | 1400 | 1400 |
| 2. | Admission Fees (One Time) | 100 | — | — | 100 | — | — |
| 3. | Identity Card Fee (One Time) | 50 | 50 | — | 50 | 50 | — |
| 4. | Student's & Teacher's Welfare | 250 | 250 | 250 | 250 | 250 | 250 |
| 5. | Books, Equipment Etc. | 300 | 300 | 300 | 300 | 300 | 300 |
| 6. | Student Union Fee | 100 | 100 | 100 | 100 | 100 | 100 |
| 7. | Amenity Fee | 250 | 250 | 250 | 250 | 250 | 250 |
| 8. | Campus Development Fee | 100 | 100 | 100 | 100 | 100 | 100 |
| 9. | Internal Examination Fee | 100 | 100 | 100 | 100 | 100 | 100 |
| 10. | Enrolment Fee (One Time) with form fee | 120 | — | — | — | — | — |
| 11. | Library Deposit (Refundable) (One Time) | 200 | — | — | 200 | — | — |
| 12. | College Deposit (Refundable) (One Time) | 100 | — | — | 100 | — | — |
| 13. | Uni. Campus Devlopment Fee | 50 | 50 | 50 | 50 | 50 | 50 |
| 14. | Uni. Sports And Cultural Activities | 20 | 20 | 20 | 20 | 20 | 20 |
| 15. | Uni. Sports Complex Development Fee | — | — | — | 20 | 20 | 20 |
| 16. | Admission Registration Form | — | — | — | 10 | 10 | — |
| 17. | Registration Fee | — | — | — | 100 | — | — |
| | Total Fees ₹. | 2340 | 1820 | 1770 | 3200 | 2650 | 2590 |

ખાસ નોંધ : ફી વખતોવખત યુનિવર્સિટી દ્વારા ફેરફારને આધિન રહેશે.

| Hostel Fees: | ₹. |
|---|---|
| Hostel Fee Per Term | 1,900/- |
| Electricity Charges | 2,100/- |
| Deposit (One Time) | 500/- |
| **TOTAL Rs.** | 4,500/- |

**નોંધ :**

૧. શિક્ષણ ફી વિદ્યાર્થીની બહેનોએ ભરવાની નથી.

૩. કોલેજ છોડ્યા બાદ છ માસની મુદતમાં ડિપોઝીટ પરત લેવા રસીદ રજૂ કરવી. છ માસ બાદ ડિપોઝીટ પરત મળશે નહીં.

૪. તમામ પ્રકારની ફીનું માળખું વખતો વખત નિયમોનુસાર ફેરફારને આધિન રહેશે.

૫. કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિ ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓએ બેંક ઓફ બરોડાના ખાતા નંબરની ઝેરોક્ષ નકલ તથા આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ પ્રમાણિત કરી ફોર્મ સાથે આપવી અન્યથા શિષ્યવૃત્તિનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**ખાસ નોંધ :**

અનુ. જાતિ./ જનજાતિ તથા બક્ષીપંચના વિદ્યાર્થીઓએ સરકારશ્રીના આદેશ અનુસાર બેન્ક ઓફ બરોડા, તિથલ રોડ, બેન્કમાં શૂન્ય બેલેન્સથી ખાતુ ખોલાવવું ફરજીયાત છે. ખાતું ખોલાવવા વિદ્યાર્થીએ (૧) પાસપોર્ટ સાઈઝ ફોટાની બે કોપી (૨) રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ લઈને બેન્ક ઓફ બરોડા, તિથલ રોડ, શાખાનો સંપર્ક કરવો. શિષ્યવૃત્તિ ફોર્મ ભરતી વખતે ખાતા નંબર તથા આધાર નંબર દર્શાવવો ફરજીયાત રહેશે.

## તા. ૨૦/૩/૨૦૧૫ ના વાર્ષિકોત્સવ અને પારિતોષિક વિતરણ સમારોહમાં મેડલ, પ્રાઈઝ અર્પણ

| અ. નં. | મેડલ/ઈઝનું નામ | કઈ શૈક્ષણિક/સહ અભ્યાસ સિધ્ધિ માટે | રકમ (₹) | તેજસ્વી તારલાનું નામ | દાતાનું સરનામુ |
|---|---|---|---|---|---|
| ૧. | **સ્વ. આશાભાઈ હરગોવિંદરાય મેમોરીયલ પ્રાઈઝ** | ટી. વાય. બી. કોમ. યુનિવર્સિટી પરીક્ષામાં એકાઉન્ટન્સી ૭ અને ૮ ના સ્પેશીયલ વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનારને | ૬૦૦/- | કુ. જીનલ ટંડેલ | પ્રો. એચ. એ. રાય<br>સી-૧/૧૦,<br>રીનાપાર્ક સોસાયટી,<br>તિથલ રોડ, વલસાડ. |
| | | ટી.વાય.બી.કોમ.યુનિવર્સિટી પરીક્ષામાં મર્કન્ટાઈલ લૉ વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનારને | ૪૦૦/- | કુ. ડેઝી પટેલ | |
| ૨. | **શ્રીમતિ ચંચળબેન આશાભાઈ રાય મેમોરીયલ પ્રાઈઝ** | એમ. કોમ. પાર્ટ-૨, સેમેસ્ટર-૪, યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનારને | ૪૦૦/-<br>૪૦૦/- | ૧. શ્રી જીજ્ઞેશ મિસ્ત્રી<br>૨. કુ. ઉન્નતિ પટેલ | |
| ૩. | **સ્વ. આશાભાઈ હરગોવિંદરાય અને શ્રીમતિ ચંચળબેન આશાભાઈ રાયના સ્મરણાર્થે.** | ગરીબ પરંતુ તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય. | ૫૫૦/-<br>૫૫૦/-<br>૫૫૦/-<br>૫૫૦/- | ૧. શ્રી વિષ્ણુ કે. ઘાટકા<br>૨. કુ. કલ્યાણી અશોકભાઈ<br>૩. કુ. મયુરીબેન પટેલ<br>૪. કુ. ડિમ્પલ ભાનુશાલી | |
| ૪. | **સ્વ. શ્રીમતિ ચંચળબેન આશાભાઈ રાય મેમોરીયલ વકતૃત્વ સ્પર્ધા નં.૧,૨,૩,૪ પેટે મળેલ કુલ દાન રૂા.૬૧,૩૦૦/- ના વ્યાજમાંથી** | કોલેજ કક્ષાએ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાને | ૪૦૦/-<br>૩૦૦/-<br>૨૫૦/- | પ્રથમ : કુ. કલ્યાણી અશોકભાઈ<br>દ્વિતીય : કુ. મયુરી વી. મિસ્ત્રી<br>તૃતિય : કુ. શુભેચ્છા વડનેરે | |
| ૫. | **નિવૃત્ત અધ્યાપક પ્રો. એચ. એ. રાય (રૂા. ૫,૦૦૧/- ના દાનના વ્યાજમાંથી, તા. ૨૪/૩/૨૦૦૫)** | જીમખાના પ્રવૃત્તિમાં વિશિષ્ટ દેખાવ કરવા બદલ — વોલીબોલ | ૨૫૦/- | શ્રી ગણેશ જહાંગીર | |
| | | જીમખાના પ્રવૃત્તિમાં વિશિષ્ટ દેખાવ કરવા બદલ — કબડ્ડી એથ્લેટીક | ૨૫૦/- | શ્રી રાજેશ સાંભર | |
| ૬. | **પ્રો. એચ. એ. રાય તરફથી એમના માતૃશ્રી ગં.સ્વ. શાંતાબેન આશાભાઈ રાયના નામે દાન મળ્યા તા. ૨૮/૧૧/૨૦૦૯** | પર્સનાલીટી ડેવલપમેન્ટના પુસ્તકો ખરીદવા માટે રૂા.૧,૦૧,૦૦૦/-ના વ્યાજમાંથી | ૭૨૦૦/- | પર્સનાલીટી ડેવલપમેન્ટને લગતા પુસ્તકો ખરીદવામાં આવ્યા | |
| ૭. | **માસ્ટર રાજા કિશ્ન એસ. ઐયર મેમોરીયલ પ્રાઈઝ (રૂા. ૫,૦૦૧/- દાનના વ્યાજમાંથી તા. ૩૧-૧૦-૨૦૦૨)** | ટી.વાય.બી.કોમ. યુનિવર્સિટી પરીક્ષામાં એડવાન્સ એકાઉન્ટીંગ પેપર-૭ અને ૮ માં સૌથી વધુ ગુણ મેળવનારને | ૪૫૦/- | કુ. જીનલ ટંડેલ | **શ્રી પી. કે. સત્યનારાયનન,**<br>પી/૫૮, અતીક કોલોની, મુ.પો.અતુલ.<br>પીન : ૩૯૬ ૦૨૦ |
| ૮. | **શ્રી ગૌરવ અનિલભાઈ દેસાઈ મેમોરીયલ ફંડ પ્રાઈઝ (રૂા.૧૧,૧૧૧/- દાનના વ્યાજમાંથી, તા. ૭/૧/૨૦૦૩)** | યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ટકા મેળવનારને<br>F.Y.B.Com. યુનિવર્સિટી પરીક્ષા<br>S.Y.B.Com. યુનિવર્સિટી પરીક્ષા<br>T.Y.B.Com. યુનિવર્સિટી પરીક્ષા | <br><br>૩૬૦/-<br>૩૬૦/-<br>૩૬૦/- | <br><br>કુ. સ્વાતિ પ્રજાપતિ<br>કુ. સોનાલી પ્રજાપતિ<br>કુ. હુમેરા શેખ | **શ્રી અનિલભાઈ ડાહ્યાભાઈ દેસાઈ**<br>૨૨૪, કલોલ એપાર્ટમેન્ટ, સર્જન એપાર્ટમેન્ટની સામે, વશી ફળિયા, હાલર, વલસાડ. |
| ૯. | **કમુબેન ગુણવંતરાય દેસાઈ અને ગુણવંતરાય મણીભાઈ દેસાઈની પુણ્યસ્મૃતિમાં તેજસ્વી કારકિર્દી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અર્થે ઈનામ (પ્રાઈઝ)દાન મળ્યા તા.૨/૬/૨૦૧૦, રૂા.૪૫૦૦૦/-** | યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનારને<br>F. Y. B. Com. યુનિવર્સિટી પરીક્ષા<br>S. Y. B. Com. યુનિવર્સિટી પરીક્ષા<br>T. Y. B. Com. યુનિવર્સિટી પરીક્ષા<br>M. Com. પાર્ટ-૧ અને પાર્ટ-૨ | <br><br>૮૫૦/-<br>૮૫૦/-<br>૮૫૦/-<br>૮૫૦/-<br>૮૫૦/- | <br><br>કુ. સ્વાતિ પ્રજાપતિ<br>કુ. સોનાલી પ્રજાપતિ<br>કુ. હુમેરા શેખ<br>શ્રી જીજ્ઞેશ મિસ્ત્રી<br>કુ. ઉન્નતિ પટેલ | ડૉ. હીરકભાઈ દેસાઈ<br>પાલીહીલ નં.-૪<br>તીથલ રોડ,<br>વલસાડ. |

| અ. નં. | મેડલ/ઈનામનું નામ | કઈ શૈક્ષણિક/સહ અભ્યાસ સિધ્ધિ માટે | રકમ (₹) | તેજસ્વી તારલાનું નામ | દાતાનું સરનામુ |
|---|---|---|---|---|---|
| ૧૦. | ડો. પી. સી. રાયજીવાલા દાન મળ્યા. તા. ૨૬-૧-૨૦૧૦ વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૪ માટે | ટી.વાય.બી.કોમ. વાણિજય સંચાલન વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનારને | ૧૦૦/- | કુ. ડેઝી પટેલ | ડૉ. પી. સી. રાયજીવાલા ૮, સુફલમ્ સોસાયટી, વિભાગ-૧, મેઈન રોડ, નાનપુરા, કદમ્બપલ્લી, સુરત. |
| | | એમ.કોમ.પાર્ટ-૧/૨ માં આંકડાશાસ્ત્રમાં સૌથી વધુ ગુણ મેળવનારને | ૧૦૦/- | કુ. ફેમીનાબાનુ શેખ | |
| ૧૧. | પ્રા. બી. એન. દેસાઈ વલસાડ પારડી, વલસાડ. | NCC, ૨૬ જાન્યુઆરી ૨૦૧૫ ની નવી દિલ્હી ખાતેની પરેડમાં ભાગ લેવા બદલ | ૧૦૦૦/- | શ્રી સુશાંત રાજાણે | પ્રો. બી. એન. દેસાઈ કોચર ફળિયા, વલસાડ પારડી, વલસાડ. |
| ૧૨. | સ્વ. સરલાબેન દોલતરાય દેસાઈ અને દોલતરાય ઝીણાભાઈ દેસાઈની પુણ્યસ્મૃતિમાં, હસ્તક : શ્રી દોલતરાય ઝીણાભાઈ દેસાઈ તરફથી દાન મળ્યા. તા.૧-૧-૨૦૦૮ | રૂા. ૧,૦૦,૦૦૦/- ના દાનના વ્યાજમાંથી અભ્યાસ ઉત્તેજક અને અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ પ્રતિવર્ષ યોજવા માટે દાન મળ્યા. | ૯૪૦૦/- | વર્ષ દરમ્યાન અનેકાનેક અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ અને સેમીનાર યોજીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. | પ્રો. આર. બી. દેસાઈ એ-૨૦૩, ઋષિકેશ ટાવર, તિથલ રોડ, વલસાડ. |
| ૧૩. | પ્રા. સુશીલાબેન એમ. દેસાઈ નિવૃત્ત અધ્યાપિકા રૂા. ૫૦૦૦/- દાનના વ્યાજમાંથી | રમતવીરોને પ્રોત્સાહન પૂરું પાડવા ઈનામ — એથ્લેટીકસ | ૨૫૦/- | કુ. રશ્મિકા બારિયા | પ્રો. સુશીલાબેન એમ. દેસાઈ આનંદ સાગર સોસાયટી, મુલ્લાવાડી, વલસાડ. |
| | | એથ્લેટીકસ | ૨૫૦/- | શ્રી હીરામણ દાઢવ | |
| | | મહિલા ક્રિકેટની રણજી ટ્રોફીમાં ઉત્કૃષ્ટ દેખાવ માટે | ૨૦૦૦/- | કુ. રેતલ પટેલ | |
| ૧૪. | સ્વ. રમણીકલાલ પી. પરીખના સ્મરણાર્થે પ્રા. ડી. આર. પરીખ તરફથી | પુસ્તક પરબ માટે સ્વામી વિવેકાનંદની૧૫૧ મી જન્મજયંતિ પ્રસંગે પુસ્તકો ખરીદવા માટે | ૧૦૦૦/- | પુસ્તક પરબ માટે આ દાનમાંથી ૧૩ પુસ્તકો ખરીદવામાં આવ્યા છે. | પ્રા. ડી. આર. પરીખ ૧૦૨, કંચન નિવાસ સોસાયટી, તિથલ રોડ, વલસાડ. |
| ૧૫. | પ. પૂ. સંતશ્રી બુધ્ધદેવજી મહારાજની સ્મૃતિમાં એડવોકેટશ્રી પ્રવિણભાઈ દેસાઈ તરફથી | Best Girl એવોર્ડ | ૧૬૭૫/- | કુ. કલ્યાણી અશોકભાઈ | એડવોકેટશ્રી પ્રવિણભાઈ દેસાઈ બી-રોડ, પાલીહીલ-૩, તીથલ રોડ, વલસાડ. |
| | | Best Boy એવોર્ડ | ૧૬૭૫/- | શ્રી વિતાન વોરા | |
| ૧૬. | શ્રીમતી જયોતિબેન દેસાઈ તરફથી સ્વ. જગદીશભાઈના સ્મરણાર્થે. | યુનિવર્સિટીની એમ. કોમ. પાર્ટ-૧, સેમેસ્ટર-૨ ની પરીક્ષામાં કોલેજ કક્ષાએ પ્રથમ આવનાર એક Boy એક Girl ને | ૫૦૦/- | શ્રી જીજ્ઞેશ મિસ્ત્રી | શ્રીમતિ જયોતિબેન જે. દેસાઈ કમલા નહેરુ રોડ, મદનવાડ, વલસાડ. |
| | | | ૫૦૦/- | કુ. ઉન્નતિ પટેલ | |
| ૧૭. | ૧. લાયન્સ કલબ (રોયલ), નવસારી | N.S.S. વાર્ષિક શિબિરમાં ચશ્મા શિબિર માટે | ૧૦,૦૦૦/- | ગામ ફલધરા, તા. જી. વલસાડના કુલ ૩૯૬ લાભાર્થીઓએ આ ચશ્મા શિબિરમાં મફત ચશ્મા વિતરણનો લાભ લીધો. | લાયન્સ કલબ (રોયલ) નવસારી |
| | | | ૧,૦૦૦/- | | શ્રીમતી હીનાબેન પટેલ બીલીમોરા |
| ૧૮. | સ્વ. પૂનમ પટેલ મેમોરિયલ વકતૃત્વ સ્પર્ધા કોલેજની વિદ્યાર્થિનીની સ્મૃતિમાં રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી તા. ૨/૮/૨૦૧૧ થી | સ્થાનિક કક્ષાએ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાને | ૪૦૦/-<br>૩૦૦/-<br>૨૦૦/- | પ્રથમ : કુ. કલ્યાણી અશોકભાઈ<br>દ્વિતીય : કુ. મયુરી મિસ્ત્રી<br>તૃતિય : કુ. સોનાલી પ્રજાપતિ | શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા ફંડ એકત્ર કરવામાં આવ્યું. |
| ૧૯. | પ્રા. આઈ.એમ.ગાંધી રૂા. ૨૫,૦૦૦/- નું દાન તા. ૨૦/૫/૨૦૧૩ | ગરીબ પરંતુ તેજસ્વી વિદ્યાર્થીને સહાય | ૬૦૦/-<br>૬૦૦/-<br>૬૦૦/-<br>૬૦૦/- | ૧. કુ. માધુરી દૂબે<br>૨. કુ. વૈશાલી રાઠોડ<br>૩. કુ. જીગીશા પટેલ<br>૪. કુ. કાજલ યાદવ | પ્રા. આઈ.એમ. ગાંધી ૧૧/એ, સહયોગ સોસાયટી, બાંગીયા ફળિયા, બીલીમોરા |
| ૨૦. | સ્વ. શિવમ્ જાની મેમોરિયલ વકતૃત્વ સ્પર્ધા કોલેજની વિદ્યાર્થિનીની સ્મૃતિમાં રૂા.૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી તા.૭/૨/૨૦૧૩ | સ્થાનિક કક્ષાએ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાને | ૪૦૦/-<br>૩૦૦/-<br>૨૦૦/- | પ્રથમ : કુ. કલ્યાણી અશોકભાઈ<br>દ્વિતીય : કુ. નૂરેન જટ<br>તૃતિય : કુ. મયુરી મિસ્ત્રી | શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ ના વિદ્યાર્થીઓ દ્વારા ફંડ એકત્ર કરવામાં આવ્યું |

# શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓની ઝલક

વિદ્યાર્થીઓનો વિકાસ એકલા પુસ્તકીયા જ્ઞાનથી થઈ ન શકે. બાળકના સર્વાંગી વિકાસ માટે માત્ર ટકાવારી કે માર્કસને વળગી રહેવાથી ચાલે નહીં. વિદ્યાર્થીના વિકાસને તપાસવા માટે ''સર્વાંગી વિકાસ'' એ શિક્ષણનો માપદંડ હોવો જોઈએ. શિક્ષણની ક્રિયા કોલેજની ચાર દિવાલો વચ્ચે અપાતા શિક્ષણમાં પર્યાપ્ત થતી નથી. આ પ્રકારનું શિક્ષણ હરીફાઈના જમાનામાં અપર્યાપ્ત મનાવા લાગ્યું છે. માત્ર ભણતરમાં જ નહીં, ઇતર પ્રવૃત્તિમાં પણ વિદ્યાર્થી પાવરધો બને અને રાષ્ટ્રીય તથા વૈશ્વિક સ્તરે ઝળકે એ સમયની માંગ છે.

**૧. સહશૈક્ષણિક પ્રવૃત્તિ :**

વક્તૃત્વ, નિબંધ, પાદપૂર્તિ, લોકવાર્તા, કાવ્ય લેખન, કાવ્ય પઠન, સ્પોકન ઇંગ્લીશના વર્ગો, અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ માટે વર્ગો, આંતર કોલેજ સ્પર્ધા, વિદ્વાન વકતાઓના વ્યાખ્યાનો વગેરે.

**૨. સાંસ્કૃતિક શિક્ષણેત્તર પ્રવૃત્તિ :**

રાસ, ગરબા, નાટક, સમૂહગીત, લોકગીત, લગ્નગીત, હળવુ કંઠ્ય સંગીત, શાસ્ત્રીય કંઠ્ય સંગીત, લોકનૃત્ય, શાસ્ત્રીય નૃત્ય, કથ્થક / ભરત નાટયમ, ભજન, લોકવાદ્ય, વાંસળી, હાર્મોનિયમ, ગિટાર, તબલા, મોનોએકટીંગ વગેરે.

**૩. સ્પોર્ટસ વૃત્તિ :**

ક્રિકેટ, વોલીબોલ, ઈન્ટર કલાસ ગેઈમ્સ, ટેબલ ટેનીસ, ચેસ, બેડમીન્ટન, ખોખો, કબડ્ડી વગેરે.

**૪. એન. સી. સી :**

આપણી કૉલેજમાં આ પ્રવૃત્તિ સુપેરે ચાલી રહી છે. એન. સી. સી. ના કેડેટસ શિસ્ત માટે સમગ્ર દેશમાં નામના ધરાવે છે.

**૫. એન.એસ.એસ. :**

વર્ગખંડની ચાર દિવાલોને ઓગાળીને સમાજ વચ્ચે જઈને કામ કરવાની તક રાષ્ટ્રિય સેવા યોજના પૂરી પાડે છે.

**૬. યુથ રેડક્રોસ : ( Y.R.C.)**

યુથ રેડક્રોસની પ્રવૃત્તિ આ કોલેજમાં છેલ્લા નવ વર્ષથી સુપેરે ચાલે છે. આ યુનિટમાં એકસો વિદ્યાર્થીઓને ડીઝાસ્ટર મેનેજમેન્ટ તથા ફર્સ્ટ એઈડની ટ્રેનીંગ પણ આપવામાં આવે છે. આંતરરાષ્ટ્રિય કક્ષાએ કાર્યરત 'રેડક્રોસ' ની યુથ વીંગની કામગીરી સુંદર રીતે ચાલે છે.

**૭. પ્લેસમેન્ટ :**

કંપનીઓ તથા સંસ્થાઓને પ્લેસમેન્ટ માટે આમંત્રણ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યૂ ગોઠવવામાં આવે છે.

**૮. કાઉન્સેલીંગ :**

કારકિર્દી માર્ગદર્શન તથા U. P. S .C., G. P. S. C. તથા જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વ્યવસાયલક્ષી માર્ગદર્શન કેન્દ્ર દ્વારા કાઉન્સેલીંગ કરવામાં આવે છે. પ્રવેશ સમયે વિષયોનું માર્ગદર્શન આપવામાં આવે છે.

**૯. કલા :**

ચિત્રકામ, સર્જનાત્મક કામગીરી વગેરે

**૧૦. અભ્યાસેતર પ્રવૃત્તિઓ :**

- ''મને ગમતું પુસ્તક ''વાર્તાલાપ
- શાહ એન. એચ. શૈક્ષણિક વિચાર / ચર્ચા મંચ
- શાહ એન. એચ. ટાઈમ્સ ભીંતપત્ર (વિદ્યાર્થીઓની મૌલિક અભિવ્યકિત)
- વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ
- વેકેશનમાં ટૂંકા ગાળાના કોર્ષ
- શૈક્ષણિક પ્રવાસ
- નેચર કેમ્પ, ટ્રેકીંગ કેમ્પ
- રાષ્ટ્રિય પર્વોની ઊજવણી
- મહત્વના ''દિન'' ની ઊજવણી
- વિદ્યાર્થીઓ માટે સેમિનાર્સનું આયોજન
- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિષયના તજજ્ઞોના વ્યાખ્યાન.
- પુસ્તક પરબ યોજના

**કોલેજ એ બાગ છે.**
**અધ્યાપક એનો માળી છે.**
**વિદ્યાર્થીઓમાં રહેલી**
**સુષુપ્ત શક્તિ એ બીજ છે**
**પ્રોત્સાહન એ ખાતર છે**
**માર્ગદર્શન એમાં થતી ખેડ છે.**

વિદ્યાર્થીઓને આદર્શ નાગરિક બનાવવાની દ્રષ્ટિએ તેમના બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક અને શારીરિક વિકાસ તરફ દોરી જનાર અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ વિકસાવવા માટે, સમૂહભાવના વિકસે એવી પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતા તેમજ આંતર રાષ્ટ્રીય ભાતૃત્વની લાગણીને પ્રોત્સાહન આપી સમાજ સેવા, સહકાર અને પરસ્પર આદરની પ્રવૃત્તિઓ પ્રોત્સાહિત કરી એમનામાં નેતૃત્વના ગુણો વિકસાવવા માટે વિદ્યાર્થી સંઘની રચના કરવામાં આવે છે.

કોલેજમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણી યુનિવર્સિટીના એ અંગેના બંધારણ પ્રમાણે કરવામાં આવે છે.

**બંધારણ પ્રમાણે :-**

૧. વર્ગ પ્રતિનિધિ તરીકે ઉમેદવારી કરનાર વિદ્યાર્થીના આગલા વર્ષની કોઈપણ પરીક્ષામાં પેપર પાસ કરવાના બાકી ન હોવા જોઈએ કે A. T. K. T. હોવી જોઈએ નહીં.

૨. ઉમેદવારી કરનાર કે ચૂંટાયેલ વિદ્યાર્થીની હાજરી કોલેજમાં ૭૫% હોવી જોઈએ.

૩. ઉમેદવારની ઉંમર જે તે શૈક્ષણિક વર્ષની તા. ૧ લી જુલાઈ સુધી ગણતા સ્નાતક કક્ષાએ ૨૧ વર્ષ અને અનુસ્નાતક કક્ષાએ ૨૪ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

૪. ઉમેદવાર વિરૂધ્ધ ગેરવર્તણૂંક સંબંધે ગુનાહીત કાર્યવાહી અને સજા થયેલી હોવી જોઈએ નહીં તથા પરીક્ષાની ગેરરીતિમાં સજા થયેલી હોવી જોઈએ નહીં.

૫. વખતોવખત અમલમાં આવે કે ઘડવામાં આવે તે નિયમો વિદ્યાર્થિને બંધનકર્તા રહેશે.

૬. વિવેકપૂર્વક શિસ્તબધ્ધ વર્તન કરનાર અભ્યાસી વિદ્યાર્થિનિ જ સ્ટુડન્ટ કાઉન્સીલની ચૂંટણીમાં ઉમેદવારી કરવાને લાયક ગણવામાં આવશે.

૭. શૈક્ષણિક વર્ષ ૨૦૦૫-૦૬ થી વિદ્યાર્થીઓના નાણાંનો દુરુપયોગ થતો ટાળવા મ્યુઝિકલ પાર્ટી કે ડી. જે. જેવા કાર્યક્રમો હંમેશ માટે રદ કરવામાં આવ્યા છે. આ નાણાંનો સદઉપયોગ વિદ્યાર્થીની સુષુપ્ત શક્તિને બહાર લાવવાના યોગ્ય કાર્યક્રમો પાછળ કરવામાં આવશે.

૮. ભારતીય સંસ્કૃતિની અવહેલના થતી હોય તેવા ડેઝ ઉજવવા દેવામાં આવશે નહીં.

૯. અભ્યાસના ભોગે વિવિધ ડેઝની ઊજવણી થઈ શકશે નહીં

૧૦. વર્ગ પ્રતિનિધિઓએ પોતાના વર્ગના વિદ્યાર્થીઓને અસરકારક નેતૃત્વ પુરું પાડી વિદ્યાર્થીઓને હકારાત્મક માર્ગે વાળવા કે જેથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં નુકસાન ન થાય.

૧૧. વિદ્યાર્થી કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ માટે સંબંધિત કમિટિના ચેરમેનોનાં સંપર્કમાં રહેવું.

૧૨. વિદ્યાર્થી સંઘના નેજા હેઠળ યોજાતા દરેક કાર્યક્રમોમાં વર્ગ પ્રતિનિધિઓએ પોતાના વર્ગના વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે પ્રોત્સાહન પૂરું પાડવું.

૧૩. નાણાં અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિ, જીમખાના સમિતિ, સાંસ્કૃતિક સમિતિ, સાહિત્યિક વાદ સમિતિ, શૈક્ષણિક પ્રવાસ સમિતિ, પ્લાનીંગ ફોરમ જેવી સમિતિઓના આશ્રયે વિદ્વાન અને અનુભવી અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ અનેક પ્રકારની સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી શકે છે.

## વિદ્યાર્થીઓના પ્રતિભાવ

➤ સુવર્ણકાળ તરીકે ઓળખાતો કૉલેજકાળ ખરેખર સુવર્ણકાળ બની ગયો. વિવિધ અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ વચ્ચે યોગ્ય સંતુલન જાળવી, પ્રગતિના શિખરો સર કરવાનું શીખી. જે સમગ્ર જીવન માટે એક અગત્યનું સોપાન બની રહેશે. આથી, સમગ્ર કૉલેજ પરિવાર પ્રત્યે આભાર વ્યક્ત કરું છું. આપ સૌનું સ્મરણ સદા હૃદયે રહેશે.

**- કુ. કલ્યાણી અશોકભાઈ, T.Y. B. Com.**

➤ હું આજે જે પણ રીતે જીવું ને વિચારું છું, એના પર આ કૉલેજનો બહુ પ્રભાવ છે. મારી જાતને સમૃદ્ધ કરવામાં કૉલેજે મને સતત સાથ આપ્યો છે. અને મને મળેલી તકો માટે હું કૉલેજનો આભારી છું. ભવિષ્યમાં હું કૉલેજને કામ લાગી શકીશ તો મને આનંદ થશે.

**- વિતાન વોરા, T.Y. B. Com.**

➤ "I am a student of Shah N. H. Commerce College" this sentence itself make me feel proudi it provided me a spiritual, moral, disciplined and a wealthy knowledge atmosphere i with an ocean of oppurtunities of curricular and extra curricular activities, I teel privilaged to complete my Gradduation in this college.

**- Mohammad Kureshi, T.Y. B. Com.**

➤ मे बहुत गर्व के साथ कह सकती हु कि मेने अपना ग्रेज्युऐशन शाह एन. एच. कोमर्स कोलेज से पुरा किया । जिवन मे जो मेने लक्ष्य बनाया था उस लक्ष्य को प्राप्त करने मे में सफल हुई हुँ । भविष्य मे जो विद्यार्थी इस कालेज में अभ्यास करेंगे वह इस कोलेज का ही नही बल्की देश का भी गौरव बढायेंगे । मे इस कालेज की उज्जवल भविष्य कि कामना करती हुँ ।

**- युक्ति शर्मा, T.Y. B. Com.**

ભારતીય સંસ્કૃતિની પરંપરાની જાળવણી થાય તેવા જ ડેઝની ઉજવણી કોલેજમાં થાય એ સમયની માંગ છે. પશ્ચિમી શૈલીના દિવસો કે જે આપણી સંસ્કૃતિને અનુરૂપ નથી તેવા ડેઝની ઉજવણી થવી જોઈએ નહીં. વિકૃત સ્વરૂપના ડેઝની ઉજવણીથી કોલેજની અને વિદ્યાર્થીઓની પ્રતિષ્ઠા જોખમાય છે. કેટલાક સમજદાર અને શાણા યુવાનો સેવા ડે ઉજવીને હોસ્પિટલમાં જઈ ગરીબ દર્દીઓને ફળફળાદિ આપવાના કે ભોજન કરાવવાના પ્રશંસનીય કાર્યો પણ કરી રહયા છે. વિદ્યાર્થીઓ નીચે પ્રમાણેના ડેઝની ઉજવણી કરીને પોતાનું અને કોલેજનું ગૌરવ વધારી શકે છે. **વધુમાં વધુ છ દિવસથી વધુ દિવસો ઉજવવા જોઈએ નહીં.**

| | |
|---|---|
| કારકિર્દી ડે | પ્રતિબધ્ધતા ડે |
| ચેરીટી ડે | નિર્મલ કેમ્પસ ડે |
| રક્તદાન ડે | ટેલન્ટ ડે |
| માનવતા ડે | તમાકુ વિરોધી ડે |
| શ્રમ ડે | અંધજન હેલ્પ ડે |
| શહિદ ડે | બેક ટુ સ્કૂલ ડે |
| સ્વરાજ ડે | સાયકલ ડે |
| લાયબ્રેરી ડે | પર્યાવરણ ડે |
| સમાજસેવા ડે | એઈડ્સ અવેરનેસ ડે |
| નારી શક્તિ ડે | વૃધ્ધાશ્રમ ડે |
| ગુરૂપૂર્ણિમા ડે | વૃક્ષારોપણ ડે |
| રમતગમત ડે | શાયરી ડે |
| સ્વચ્છતા ડે | સાક્ષરતા ડે |
| સ્વયંશિક્ષણ ડે | ફાધર્સ/મધર્સ ડે |
| સમાજ સુધારક ડે | કલાસ ડેકોરેશન ડે |
| કોમર્સ ડે | |

### લાયબ્રેરી ડે :

વાચનનો વ્યાપ વિસ્તરતો જાય તેમ તેમ આપણા માંહ્યાલાનો ઘાટ ઘડવામાં, જીવન મૂલ્યોની ઓળખને વધુ સ્પષ્ટ કરવામાં, દુનિયાદારીને સમજવાની દ્દષ્ટિ વિસ્તારવામાં, જીવનનાં રહસ્યોનો તાગ પામીને જીવતરને ધ્યેયલક્ષી બનાવવામાં વાચનનું સેવન ગુણકારી નિવડે છે.

### બ્લડ ડોનેશન ડે :

નિયમિત અને સ્વૈચ્છિક રક્તદાન કરવાથી આત્માને અનન્ય આનંદની અનુભૂતિ થાય છે. કોઈ અજાણ્યાને મદદરૂપ થવાની આ નાની સરખી ઘટનાનું તમારા જીવનમાં સતત પુનરાવર્તન થાય તે સમાજની તાતી જરૂરિયાત છે. યુવાનીમાં રક્તદાન કરીને તમે માનવતાનો દિવડો પ્રગટાવી શકો છો. તમારા બર્થ ડે ના દિવસે રક્તદાન કરીને કોઈકને અમૂલ્ય જીવન બક્ષીને ઊજવો.

### શિક્ષક ડે :

શિક્ષકની ગરિમાને વર્ગખંડથી શરૂ કરીને વિશ્વમાં ગૌરવ પ્રસ્થાપિત કરનાર મહામાનવ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ ૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિન તરીકે ઉજવાય છે. જેને શિક્ષણ આપવું ગમતું હોય તેને જ શ્રેષ્ઠ શિક્ષક કહી શકાય. ઉત્તમ શિક્ષકનો કોઈ વિકલ્પ નથી.

### ચેરીટી ડે :

તમારી પાસે કંઈક છે, તો આપો. આપવાનો આનંદ જ કંઈક ઓર હોય છે. આપવાની મઝા માણવા જેવી હોય છે. ધનનો ફક્ત પોતાના માટેનો ઉપયોગ એ ફક્ત ધન છે. પરંતુ ધનનો જરૂરિયાતમંદ માટેનો ઉપયોગ એ લક્ષ્મી છે.

### ખાસ નોંધ

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ના પરિપત્ર અનુસાર :-**

૧. ડેઝની ઉજવણી કોલેજોના શૈક્ષણિક કાર્યને અસર ન પહોંચે તે રીતે કરવાની રહેશે.

૨. ડેઝની ઉજવણી દરમ્યાન કોઈપણ પ્રકારનું સંગીત કે મ્યુઝીકલ પાર્ટીનો કાર્યક્રમ યોજી શકાશે નહીં

૩. ડેઝની ઉજવણી દરમ્યાન કોલેજનું વિદ્યાકીય ભાવાવરણ નષ્ટ ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

૪. વર્ષ દરમ્યાન વધુમાં વધુ છ ડેઝની ઉજવણી કરી શકાશે.

૫. મેનેજમેન્ટના નિર્ણય અનુસાર કેમ્પસમાં D. J. ની પરવાનગી આપવામાં આવશે નહીં.

૬. ''ડીજે હવે બીજે'' - એટલે કે હવે આ કોલેજમાં ડીજે નહીં થાય.

❖❖❖

# યુનિવર્સિટી પરીક્ષા એપ્રિલ-૨૦૧૪ ના તેજસ્વી તારલાઓ

## F. Y. B. Com. : Sem. - II

કોલેજમાં પ્રથમ આઠ વિદ્યાર્થીઓ

| નં. | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| ૧. | કુ.સ્વાતી પ્રજાપતિ | 78.60 |
| ૨. | કુ. સ્વાતી પટેલ / કુ. પૂજા પ્રજાપતિ | 75.70 |
| ૩. | કુ. મેઘા ગોરડ / કુ. ખુશ્બુ ગોરી<br>કુ. મધુરી મિસ્ત્રી | 74.31 |
| ૪. | કુ. પીન્કલ પટેલ / કુ. માર્ગી શાહ | 73.60 |
| ૫. | શ્રી અલ્પહાર બલસારી | 72.90 |
| ૬. | કુ. પૂનમ મિસ્ત્રી | 70.70 |
| ૭. | કુ. જીગિશા પટેલ / કુ. મનિષા પ્રજાપતિ<br>કુ. ફાલ્ગુની બલસારા / શ્રી ભાવિક શાહ<br>કુ. મેઘા મોહિની | 70.00 |

વિષયવાર સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી

| નં. | વિષય | વિદ્યાર્થીનું નામ | માર્કસ ૧૦૦ માંથી |
|---|---|---|---|
| ૧. | Eng. | શ્રી અબરાર બલારી | 74 |
| ૨. | E. S. | કુ. મેઘા ગોરડ | 88 |
| ૩. | Eco. | કુ. નિધિ પ્રજાપતિ | 84 |
| ૪. | A/C. | કુ. સ્વાતી પ્રજાપતિ | 86 |
| ૫. | B. A. | કુ. શ્રધ્ધા કોરડીયા<br>કુ. જીનિશા પટેલ | 84 |
| ૬. | Stat. | કુ. મેઘા ગોરડ<br>કુ. પૂજા પ્રજાપતિ | 95 |
| ૭. | Ban. | કુ. ટ્વીંકલ પટેલ | 79 |

## S. Y. B. Com. : Sem. - IV

કોલેજમાં પ્રથમ સાત વિદ્યાર્થીઓ

| નં. | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| ૧. | કુ.સોનાલી પ્રજાપતિ | 80.70 |
| ૨. | કુ. કલ્યાણી અશોકભાઇ | 78.60 |
| ૩. | કુ. હેમાંશી કોઠારી / શ્રી દિવ્યેશ પટેલ<br>શ્રી વિતાન વોરા | 77.10 |
| ૪. | શ્રી મનિષ રાજપુરોહિત / કુ.વંદના કનોજીઆ | 75.70 |
| ૫. | શ્રી કિરણ વૈષ્ણવ / કુ. દૃષ્ટિ માલી | 74.30 |
| ૬. | કુ. અંકિતા કાર્લિક / કુ. શિતલ પટેલ /<br>કુ. સોનુ પ્રજાપતિ | 73.60 |
| ૭. | કુ. માધુરીદેવી દુબે | 72.90 |

વિષયવાર સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી

| નં. | વિષય | વિદ્યાર્થીનું નામ | માર્કસ ૧૦૦ માંથી |
|---|---|---|---|
| ૧. | Eng. | કુ. પ્રિયંકા પાંડે | 78 |
| ૨. | Eco. | કુ. ભૂમિકા પટેલ | 79 |
| ૩. | A/C.& Tax | કુ. હેમાંશી કોઠારી | 76 |
| ૪. | B. A. | કુ. કિન્નરી રાણા | 82 |
| ૫. | A/C. 3 & 4 | કુ. સોનાલી પ્રજાપતિ | 180/200 |
| ૬. | Stat 3 & 4 | શ્રી વિતાન વોરા | 172/200 |
| ૭. | Stat 3 | કુ. હેમાંશી કોઠારી<br>કુ. સોનાલી પ્રજાપતિ | 95 |
| ૮. | Banking | કુ. નેહા આહિર | 74 |

## T. Y. B. Com. : Sem. - VI

કોલેજમાં પ્રથમ આઠ વિદ્યાર્થીઓ

| નં. | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| ૧. | કુ.હુમેરા શેખ | 75.70 |
| ૨. | કુ. સુનિધિ કુછવાળ / કુ. બિન્દ્રા ચૌહાણ | 74.30 |
| ૩. | કુ. જીનલ ટંડેલ | 72.90 |
| ૪. | કુ. આરતી સોની | 72.10 |
| ૫. | કુ. ડેઝી પટેલ / કુ. સ્નેહા પટેલ<br>કુ. ધરતી પટેલ | 71.40 |
| ૬. | કુ. ઉન્નતિ શિરવાની | 70.70 |
| ૭. | કુ.શિવાંગી રાજપૂત / કુ.નિમિષા સોનાવલે<br>શ્રી મોહમ્મદ તાહિર પારડીવાલા | 70.00 |

વિષયવાર સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી

| નં. | વિષય | વિદ્યાર્થીનું નામ | માર્કસ ૧૦૦ માંથી |
|---|---|---|---|
| ૧. | M. Law. | કુ. ડેઝી પટેલ | 76 |
| ૨. | B. A. | કુ. ડેઝી પટેલ | 72 |
| ૩. | Eco. | કુ.જીનલ ટંડેલ | 83 |
| ૪. | Ad.A/c.3&4 | કુ. જીનલ ટંડેલ | 170/200 |
| ૫. | Stat | કુ. શિવાંગી રાજપૂત | 87 |
| ૬. | Ban. | કુ. અર્ચના રાજપૂત | 70 |
| ૭. | Stat 3 & 4 | કુ. દિવ્યા પટેલ | 150/200 |
| ૮. | Guj. | કુ. હેમાંગી રાઠોડ | 67 |
| ૯. | Eng. | કુ. નિમિષા સોનાવલે<br>કુ. આરતી સોની / શ્રી સલમાન મનસૂર | 76 |



**પ્રિ. ડો. જે. એમ. નાયક**
M. Com., LL. B., M. Phil., Ph. D.
આચાર્યશ્રી,
વિષય : એકાઉન્ટસી, અનુભવ : ૩૯ વર્ષ



**પ્રો. ટી. જી. પટેલ**
M. A.
વાઈસ પ્રિન્સીપાલ
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : ઈકોનોમિક્સ,અનુભવ : ૩૫ વર્ષ



**પ્રો. આર. પી. પટેલ**
M. Sc.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : સ્ટેટેસ્ટીક્સ
અનુભવ : ૩૪ વર્ષ



**પ્રો. કે. એચ. પુરોહિત**
M. A., B. Ed.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : ઈકોનોમિક્સ
અનુભવ : ૩૪ વર્ષ



**પ્રો. એન. એમ. શાહ**
M. Com., B. Ed.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : એકાઉન્ટસી
અનુભવ : ૩૪ વર્ષ



**પ્રો. બી. ટી. પટેલ**
M. A., LL. M.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : અંગ્રેજી
અનુભવ : ૩૪ વર્ષ



**પ્રો. એસ. ઝેડ. પટેલ**
M. Com.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : એકાઉન્ટસી
અનુભવ : ૩૩ વર્ષ



**પ્રો. કે. આર. ભાવસાર**
M. Com.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : સ્ટેટેસ્ટીક્સ
અનુભવ : ૨૯ વર્ષ (ફુલ) ૨ વર્ષ (પાર્ટ)



**પ્રો. વી. આર. ચાપાનેરી**
M. Com.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : એકાઉન્ટસી
અનુભવ : ૨૬ વર્ષ



**પ્રો. કે. સી. પટેલ**
M. Com.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : એકાઉન્ટસી
અનુભવ : ૨૫ વર્ષ



**પ્રો. એમ. જી. પટેલ**
M. Com.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : કોમર્સ
અનુભવ : ૨૪ વર્ષ



**પ્રો. ડો. ડી. જી. ઠાકોર**
M. A., Ph. D.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : ઈંગ્લીશ
અનુભવ : ૨૪ વર્ષ



**પ્રો. એમ. એ. મુલ્લા**
M. Com.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : કોમર્સ
અનુભવ : ૨૪ વર્ષ



**પ્રો. એમ. કે. પટેલ**
M. P. Ed., GSET
(સહાયક અધ્યાપક)
વિષય : ફિઝીકલ એજ્યુકેશન
અનુભવ : ૨½ વર્ષ



**પ્રો. ડો. એમ. બી. ચૌહાણ**
M. A., LL. B., NET, Ph. D.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : ગુજરાતી
અનુભવ : ૧૧ વર્ષ



**શ્રીમતી ડો. રશ્મીબેન આર. પટેલ**
M. Com., M. Phil, Ph. D.
(પાર્ટ ટાઈમ)
વિષય : કોમર્સ
અનુભવ : ૧૫ વર્ષ (પાર્ટ ટાઈમ)



**પ્રો. એન. એન. ગામીત**
M. Com., M. Phil
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : કોમર્સ
અનુભવ : ૩૩ વર્ષ

# National Assessment & Accreditation Council, Bangalore

**Visit on 19 & 20 January 2015 (Re-Accreditation Visit)**



# National Assessment & Accreditation Council, Bangalore

**Visit on 19 & 20 January 2015 (Re-Accreditation Visit)**





પ્રિ. ડૉ. જે. એમ. નાયક
આચાર્યશ્રી



શ્રી એ. આર. પટેલ
સીનીયર ક્લાર્ક



શ્રી બી. આર. પટેલ
જુનિયર ક્લાર્ક



શ્રી એસ. જે. પટેલ
જુનિયર ક્લાર્ક



શ્રી આર. એચ. દેસાઈ
એડહોક ક્લાર્ક



શ્રીમતી એસ. એન. પરમાર
એડહોક ક્લાર્ક



શ્રીમતી જે. એ. દેસાઈ
એડહોક ક્લાર્ક



કુ. બી. કે. દેસાઈ
એડહોક ક્લાર્ક



કુ. પીનલ પટેલ
એડહોક ક્લાર્ક



પૂજા દેસાઈ
એડહોક ક્લાર્ક



શ્રી યુ. એમ. રાઠોડ
એડહોક ગ્રાઉન્ડમેન



શ્રી વી.એસ. હળપતી
એડહોક સેવક



શ્રીમતી કે. એસ. પટેલ
એડહોક સેવિકાબેન



શ્રી એ. બી.પટેલ
એડહોક સેવક



શ્રી બી. આર. આહિર
એડહોક સેવક



શ્રી વી. કે. મકવાણા
એડહોક સ્વીપર



શ્રીમતી મીતા આહિર
એડહોક સેવિકાબેન

# યુનિવર્સિટી પરીક્ષા નવેમ્બર-૨૦૧૪ ના તેજસ્વી તારલાઓ

## F. Y. B. Com. : Sem. - I

### કોલેજમાં પ્રથમ દસ વિદ્યાર્થીઓ

| નં. | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| ૧. | કુ. પૂનમ પાટિલ | 76.73 |
| ૨. | કુ. અંજના ગોસ્વામી / કુ. દીશા જતાનીયા | 74.69 |
| ૩. | કુ. ચાંદની સોલંકી | 71.43 |
| ૪. | કુ. ચાંદની શેખ / કુ. ધૃતિ ટેલર | 70.00 |
| ૫. | શ્રી બ્રિજેશ ભગત / શ્રી અખિલ ભટ્ટ | 69.80 |
| ૬. | કુ. વૈશાલી સોટા | 69.54 |
| ૭. | કુ. કવિતા બાવિસી | 68.18 |
| ૮. | કુ. રાજવી ઠક્કર | 67.96 |
| ૯. | કુ. ચાંદની ટાંક | 67.55 |
| ૧૦. | કુ. પિન્કી મિશ્રા | 67.35 |

### વિષયવાર સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી

| નં. | વિષય | વિદ્યાર્થીનું નામ | ગુણ |
|---|---|---|---|
| ૧. | Eng. | કુ. રાજવી ઠક્કર | 58/70 |
| ૨. | E. S. | કુ. રવિના કાનાની | 57/70 |
| ૩. | Eco. | કુ. પૂનમ પાટિલ | 63/70 |
| ૪. | A/C. | કુ. ચાંદની ટાંક | 59/70 |
| ૫. | B. A. | શ્રી બ્રિજેશ ભગત | 59/70 |
| ૬. | Stat. | કુ. અંજના ગોસ્વામી | 68/70 |
| ૭. | Ban. | કુ. દીશા જતાનીયા | 61/70 |

## S. Y. B. Com. : Sem. - III

### કોલેજમાં પ્રથમ દસ વિદ્યાર્થીઓ

| નં. | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| ૧. | કુ. મેઘા ગોરડ | 80.82 |
| ૨. | કુ. સ્વાતી પટેલ | 80.20 |
| ૩. | કુ. માર્ગી શાહ / કુ. ઝંખના તિર્થાની | 77.55 |
| ૪. | મેઘા મોહિની | 77.35 |
| ૫. | કુ. પૂજા પ્રજાપતિ | 76.94 |
| ૬. | કુ. ખુશ્બુ ગોરી | 76.73 |
| ૭. | કુ. ટવીકલ પટેલ | 76.12 |
| ૮. | કુ. સ્વાતી પ્રજાપતિ | 75.92 |
| ૯. | કુ. પૂનમ મિસ્ત્રી | 75.51 |
| ૧૦. | કુ. ચૈતાલી ભોયા / કુ. ટીમાની કોમલ | 74.08 |

### વિષયવાર સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી

| નં. | વિષય | વિદ્યાર્થીનું નામ | ગુણ |
|---|---|---|---|
| ૧. | Eng. | કુ. ઝંખના ટીકમાની | 59/70 |
| ૨. | Eco. | કુ. ઝંખના ટીકમાની | 53/70 |
| ૩. | Taxation | કુ. ચૈતાલી ભોયા/કુ. ખુશ્બુ ગૌરી | 66/70 |
| ૪. | B.A. | કુ. પૂનમ મિસ્ત્રી | 52/70 |
| ૫. | Ad. A/C I & II | કુ. સ્વામી પ્રજાપતિ | 119/140 |
| ૬. | Sp. Stat. | કુ. ઝીલ દેસાઈ | 96/140 |
| ૭. | Stat-III | કુ. મેઘા ગોરડ/શ્રી ભાવિક શાહ | 68/70 |
| ૮. | Ban. | શ્રી સ્મિત દેઢિયા | 53/70 |

## T. Y. B. Com. : Sem. - V

### કોલેજમાં પ્રથમ છ વિદ્યાર્થીઓ

| નં. | વિદ્યાર્થીનું નામ | ટકા | CGPA |
|---|---|---|---|
| ૧. | કુ. કલ્યાણી અશોકભાઈ | 74.29 | 7.57 |
| ૨. | શ્રી વિતાન વોરા | 70.61 | 7.14 |
| ૩. | કુ. સુરૈયાબાનુ ફાતીવાલા | 66.73 | 7.00 |
| ૪. | કુ. વંદના કનોજીઆ | 68.78 | 6.86 |
| ૫. | શ્રી ચિરંજીવ કોઠારી | 64.69 | 6.71 |
| | શ્રી શીતલ પટેલ | 67.55 | |
| ૬. | કુ. રોહિના પઠાણ / | 65.10 | 6.57 |
| | કુ. સોનાલી પ્રજાપતિ | 67.76 | |
| | કુ. ધરા પાનવાલા | 67.31 | |

### વિષયવાર સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી

| નં. | વિષય | વિદ્યાર્થીનું નામ | ગુણ |
|---|---|---|---|
| ૧. | Eng. | કુ. અશોકભાઈ કલ્યાણી | 54/70 |
| ૨. | M. Law | કુ. ભૂમિકા પટેલ | 53/70 |
| ૩. | B. A. | કુ. કલ્યાણી અશોકભાઈ | 57/70 |
| ૪. | ECO. | કુ. વિધિ ગડા | 55/70 |
| ૫. | A/c V & VI | કુ. કલ્યાણી અશોકભાઈ | 110/140 |
| ૬. | Sp. Stat. | શ્રી વિતાન વોરા | 114/140 |
| ૭. | Stat-III | કુ. સોનુ પ્રજાપતિ | 57/70 |
| ૮. | Ban. | શ્રી આલિશ દેઢિયા | 49/70 |

# યુનિવર્સિટી પરીક્ષા નવેમ્બર-૨૦૧૪ ના તેજસ્વી તારલાઓ

## M. Com. : Sem. - I

**કોલેજમાં પ્રથમ દસ વિદ્યાર્થીઓ**

| નં. | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| ૧. | કુ. મયુરી પટેલ | 73.81 |
| ૨. | શ્રી જય દેસાઈ | 68.57 |
| ૩. | કુ. ડીમ્પલ ભાનુશાલી | 67.38 |
| ૪. | શ્રી વિશાલ છોટાલીયા | 67.14 |
| ૫. | કુ. સ્નેહા પટેલ | 66.67 |
| ૬. | કુ. ફાલ્ગુની પટેલ | 66.43 |
| ૭. | કુ. નિધિ ચૌહાણ | 65.48 |
| ૮. | શ્રી નિખિલ પટેલ / કુ. જીનલ ટંડેલ | 65.24 |
| ૯. | શ્રી મોહમ્મદતાહિર પારડીવાલા | 64.76 |
| ૧૦. | કુ. વિભા જોષી | 64.29 |

**વિષયવાર સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી**

| નં. | વિષય | વિદ્યાર્થીનું નામ | ગુણ |
|---|---|---|---|
| ૧. | Economics | કુ. નિધિ ચૌહાણ<br>શ્રી અક્ષય પટેલ | 55/70 |
| ૨. | Management | કુ. કલ્પના સોલંકી | 55/70 |
| ૩. | Ad. Sales Mgt. | કુ. મયુરી પટેલ | 60/70 |
| ૪. | Mgt. A/C. I | કુ. મયુરી પટેલ | 50/70 |
| ૫. | Mgt. A/c. II | કુ. કાજલ પટેલ | 52/70 |
| ૬. | Mgt. A/C. III | શ્રી જય દેસાઈ | 59/70 |
| ૭. | Ad. Stat. I | કુ. દિવ્યા પટેલ | 41/70 |
| ૮. | Ad. Stat. II | કુ. દિવ્યા પટેલ | 46/70 |
| ૯. | Ad. Stat. III | કુ. દિવ્યા પટેલ | 40/70 |

## M. Com. : Sem. - III

**કોલેજમાં પ્રથમ દસ વિદ્યાર્થીઓ**

| નં. | વિદ્યાર્થીનું નામ | ટકા | CGPA |
|---|---|---|---|
| ૧. | કુ. શિવાની આચાર્ય | 85.48 | 9.00 |
| ૨. | કુ. ઉન્નતિ પટેલ | 80.24 | 8.33 |
| ૩. | કુ. અમી દેસાઈ | 75.48 | 8.00 |
| ૪. | શ્રી મયુર મિસ્ત્રી | 75.48 | 7.83 |
| ૫. | કુ. પ્રિયંકા પટેલ/શ્રી તપન પટેલ | 71.90 | 7.67 |
| ૬. | કુ. રિધ્ધિ ભટ્ટ | 72.62 | 7.50 |
| ૭. | કુ. બિનલ ચાંપાનેરી | 71.67 | 7.50 |
| ૮. | કુ. સ્વાતિ પટેલ | 70.48 | 7.50 |
| ૯. | કુ. રત્નાવલી મિશ્રા | 71.67 | 7.33 |
| ૧૦. | કુ. મુયરી પટેલ | 68.33 | 7.33 |

**વિષયવાર સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી**

| નં. | વિષય | વિદ્યાર્થીનું નામ | ગુણ |
|---|---|---|---|
| ૧. | Org. Mar. | કુ. શિવાની આચાર્ય | 58/70 |
| ૨. | Fin. Mgt | કુ. શિવાની આચાર્ય | 59/70 |
| ૩. | Str. Mgt | કુ. શિવાની આચાર્ય | 63/70 |
| ૪. | Fin. Mgt. A/C. VII | કુ. રત્નાવલી મિશ્રા | 63/70 |
| ૫. | Fin. Mgt. A/c. VIII | કુ. શિવાની આચાર્ય | 65/70 |
| ૬. | Fin. Mgt. A/C. IX | કુ. કરન રાજપૂત | 59/70 |
| ૭. | Ad. Stat. VII | શ્રી મયુર મિસ્ત્રી | 50/70 |
| ૮. | Ad. Stat. VIII | શ્રી મયુર મિસ્ત્રી | 51/70 |
| ૯. | Ad. Stat. IX | શ્રી મયુર મિસ્ત્રી | 57/70 |

## હે પરમાત્મા

હે પરમકૃપાળુ પરમાત્મા સંજોગો વિકટ હોય ત્યારે, સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે, શાંતિ કેમ રાખવી તે મને શીખવ
કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે, ખંતથી એમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ
પ્રલોભનો, પ્રશંસા, ખુશામતની વચ્ચે, તટસ્થ કેમ રહેવું તે મને શીખવ
ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે, શ્રદ્ધા ડગુમગુ થઈ જાય, નિરાશની ગર્તામાં મન ડૂબી જાય ત્યારે,
ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની પ્રતિક્ષા કેમ કરવી તે મને શીખવ.

## સપ્તધારા

સપ્તધારા અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની સામેલગીરીથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ શકય બને છે.

૧. વિદ્યાર્થીઓમાં રહેલી અભિવ્યક્તિક્ષમતાને ખીલવે છે.
૨. તે અભ્યાસની સાથે સાથે જીવન ઘડતરના પાઠો શીખવે છે.
૩. સ્વ-વિકાસથી લઈને વિશ્વવિકાસની કેડી કંડારે છે.
૪. સપ્તધારા સમૂહમાં કાર્ય કરવાની ભાવના કેળવે છે.
૫. સપ્તધારાની સાત ધારાઓ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો બહુમુખી વિકાસ સાધે છે.

**૧. જ્ઞાનધારા :**
વક્તૃત્વ, શીઘ્ર વક્તૃત્વ, ક્વિઝ, ડિબેટ, નિબંધ લેખન, વાચન શિબિર, ગ્રંથ સમીક્ષા

**૨. ગીત સંગીત નૃત્ય ધારા :**
શાસ્ત્રીય કંઠય વાદ્ય, સુગમ સંગીત, સમૂહગીત, લોકગીત, લોકવાદ્ય, લોકનૃત્ય, શાસ્ત્રીય નૃત્ય, ગરબા

**૩. નાટ્ય ધારા :**
સ્કીટ, માઈમ, એકાંકી, એકપાત્રીય અભિનય, મિમિક્રી

**૪. સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા :**
કાવ્યપઠન, પાદપૂર્તિ (કાવ્યલેખન), સર્જનાત્મક લેખન (વાર્તા, નાટક, નિબંધ), અનુવાદ કાર્ય

**૫. રંગકલા કૌશલ્ય ધારા :**
ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ, પોસ્ટર મેકિંગ, કોલાજ, રંગોળી, કાર્ટૂનિંગ, ક્લે મોડલિંગ, મહેંદી

**૬. વ્યાયામ યોગ ખેલકૂદ ધારા :**
યોગ સ્પર્ધા, એથલેટિક સ્પર્ધા (દોડ, લાંબી કૂદ, ઊંચી કૂદ, ચક્રફેંક, ગોળાફેંક), ઈન્ડોર ગેમ્સ (બેડમિંટન, ટેબલ ટેનિસ, કેરમ, ચેસ વગેરે), આઉટ ડોર ગેમ્સ (ક્રિકેટ, હોકી, વોલીબોલ, બાસ્કેટબોલ વગેરે) પરંપરાગત રમતો (તિરંદાજી, ખોખો, કબડ્ડી, લંગડી વગેરે)

**૭. સમુદાય સેવા ધારા :**
કોલેજ પરિસરની સફાઈ, વૃક્ષારોપણ અને સમાજપયોગી સેવાકાર્યો.

**જીવન સંગ્રામ માટે જે સજ્જ ન કરી શકે**
**જે ચારિત્ર્યનું બળ લાવી ન આપે**
**જે ઉદારતાનો મિજાજ કે સિંહનું સાહસ ખીલવી ન શકે**
**તે શું અધ્યાપક કહેવાય ?**

## શિક્ષણમંથન

- ભણેલાઓની છળ-કપટપૂર્વકની પ્રવૃત્તિઓ જોતાં
  એમને ભણેલા કહેવા મન સંમત નથી થતું.
  અભણોનો લાગણીસભર વ્યવહાર જોતાં
  એમને અભણ કહેવા મન સંમત નથી થતું.
- વિદ્યાર્થીને શીખતો કરે તે ઉમદા અધ્યાપક.
- અધ્યાપક પાસે ફક્ત દૃષ્ટિ જ નહીં, દીર્ઘદૃષ્ટિ હોવી જોઈએ.
- અધ્યાપક માટે દરેક દિવસ એ પોતાની લાયકાત વધારવાની અસાધારણ તક છે.
- અધ્યાપકની નિષ્ઠા એ જ કોલેજની પ્રતિષ્ઠા
- પ્રભાવિત કરે તે નહીં પરંતુ પ્રકાશિત કરે તે અધ્યાપક
- અધ્યાપકો તેમના વિદ્યાર્થીઓથી ઓળખાય છે.
- જે વાંચે છે, વિચારે છે, વિકસે છે તે અધ્યાપક
- અધ્યાપક એટલે શિક્ષણ અને શિક્ષણ સંસ્થાઓનો પ્રાણ !
- અધ્યાપકે વર્ગને સ્વર્ગ બનાવવો જોઈએ
- અધ્યાપક શિક્ષણ ક્ષેત્રે હારી જશે તો સંસ્કૃતિનો નાશ થશે.
- વિદ્યાર્થીઓનો પ્રેમ એ જ અધ્યાપકની સાચી મૂડી છે.
- અધ્યાપકે જીવ નથી આપવાનો, જીવ રેડવાનો છે.
- અધ્યાપક એ બૌદ્ધિક મજૂર નથી, સંસ્કૃતિનો સંક્રમણ છે.
- અધ્યાપક તરીકે સફળ થવા માટે ભણવાની ઉત્કટતા જરૂરી છે.
- અધ્યાપક સરસ્વતીના ખોળાનો બાળક છે.
- અધ્યાપકો જો ભ્રષ્ટ હશે તો આખુંય જગત ભ્રષ્ટ થશે.
- અધ્યાપકો તેમના શિષ્યોથી ઓળખાય છે.
- માનવચેતનાને જગાડીને સંસ્કારોનું વાવેતર અધ્યાપક જ કરી શકે.
- અધ્યાપક એટલે હરતી ફરતી લાઈબ્રેરી.
- અધ્યાપક તરીકે સફળ થવા માટે ભણવાની ઉત્કટતા હોવી જોઈએ.
- વિદ્યાર્થી એ શક્તિનો સ્રોત છે તેને પાંગરવામાં અધ્યાપક માર્ગદર્શક બની શકે છે.

❖❖❖

# દર મહિને યોજાતા પુસ્તક પરિચય કાર્યક્રમના વક્તાઓ

| અ.નં. | માસ | વક્તાનું નામ | પુસ્તકનું નામ | પુસ્તકના લેખક |
|---|---|---|---|---|
| ૧. | ડિસેમ્બર-૨૦૧૧ | પ્રા. આર. પી. પટેલ | સંસ્કૃતિ પૂજન | પ. પૂ. પાંડુરંગ આઠવલેજી |
| ૨. | જાન્યુઆરી-૨૦૧૨ | પ્રા. કે. સી. પટેલ | તીરે તીરે નર્મદા | શ્રી અમ્રતલાલ વેગડ |
| ૩. | ફેબ્રુઆરી-૨૦૧૨ | પ્રા. ડૉ. ડી. જી. ઠાકોર | યાજ્ઞસેની, ધ સ્ટોરી ઓફ દ્રૌપદી | ડૉ. પ્રતિભા રાય |
| ૪. | માર્ચ-૨૦૧૨ | પ્રા. કે. આર. ભાવસાર | લખી રાખો આરસની તકતી પર | વિજયરત્નસુંદરસુરીશ્વરજી |
| ૫. | એપ્રિલ-૨૦૧૨ | પ્રા. એ. એન. ભટ્ટ | આરોગ્ય નિર્માણ | ડૉ. રમેશભાઈ કાપડીયા |
| ૬. | જૂન-૨૦૧૨ | પ્રા. બી. ટી. પટેલ | લોર્ડ ઓફ ફલાઈઝ | વિલિયમ ગોલ્ડીંગ |
| ૭. | જુલાઈ-૨૦૧૨ | પ્રા. એસ. ઝેડ. પટેલ | ગીતાના પંચપ્રાણ | પ.પૂ. પાંડુરંગ આઠવાલેજી |
| ૮. | ઓગષ્ટ-૨૦૧૨ | પ્રા. એમ. જી. પટેલ | મંગળ પ્રભાત | ગાંધીજી |
| ૯. | સપ્ટેમ્બર-૨૦૧૨ | પ્રા. વી. આર. ચાંપાનેરી | નવી ભોજન પ્રથા | શ્રી બી. વી. ચૌહાણ |
| ૧૦. | ઓકટોબર-૨૦૧૨ | પ્રા. ડૉ. એમ. સી. શાહ | પ્રશિષ્ટ નવલિકાઓ | શ્રી રઘુવીર ચૌધરી |
| ૧૧. | ડિસેમ્બર-૨૦૧૨ | પ્રા. ડૉ. રશ્મીબેન આર. પટેલ | પ્રશિષ્ટ નવલિકાઓ | શ્રી રઘુવીર ચૌધરી |
| ૧૨. | જાન્યુઆરી-૨૦૧૩ | પ્રા. એમ. એ. મુલ્લા | પ્રશિષ્ટ નવલિકાઓ | શ્રી રઘુવીર ચૌધરી |
| ૧૩. | ફેબ્રુઆરી-૨૦૧૩ | Miss. Deepa Kaur Chadha (Visiting Faculty) | The Seven Habits of highly effwective people | Stephen R. Covey |
| ૧૪. | માર્ચ-૨૦૧૩ | પ્રા. બી. એન. દેસાઈ (નિવૃતઅધ્યાપક) | સ્વામી આનંદના શ્રેષ્ઠ નિબંધો | ડૉ. ચંદ્રકાંત મહેતા, ડૉ. કેતકી બલસારી |
| ૧૫. | એપ્રિલ-૨૦૧૩ | પ્રા. ભૈરવીબેન દેસાઈ | રીવોલ્યુશન-૨૦૨૦ | ચેતન ભગત |
| ૧૬. | જુન-૨૦૧૩ | ડૉ. રશ્મિબેન દેસાઈ (વા. પ્રિ.) | ડાયાબિટીસ છે ? ગભરાશો નહિ. | ડૉ. ડી. વી. પારેખ |
| ૧૭. | જુલાઈ-૨૦૧૩ | પ્રા. મુકેશભાઈ બી. ચૌહાણ | પ્રિયજન | વીનેશ અંતાણી |
| ૧૮. | ઓગષ્ટ-૨૦૧૩ | પ્રા. કે. એચ. પુરોહિત | ગાંધીની કાવડ | હરિન્દ્ર દવે |
| ૧૯. | સપ્ટેમ્બર-૨૦૧૩ | લેફ. પ્રા. કમલેશ ટી. પારેખ | સ્વસ્થવૃત | વૈદ્ય હીરુભાઈ પટેલ |
| ૨૦. | ઓકટોબર-૨૦૧૩ | પ્રિ.ડૉ.જે.ટી.દેસાઈ (લોકોલેજ),વલસાડ | INDIA AFTER GANDHI | Ramchandra Guha |
| ૨૧. | નવેમ્બર-૨૦૧૩ | પ્રા. દિનકરભાઈ ટંડેલ(આર્ટસ કોલેજ, વલસાડ) | કુંવરબાઈનું મામેરું | પ્રેમાનંદ |
| ૨૨. | ડિસેમ્બર-૨૦૧૩ | પ્રો. ડૉ. ધર્મવીર ગુર્જર (ગાર્ડા કોલેજ, નવસારી) | સફળતા કોઈનો ઈજારો નથી. | ડૉ. સુરાણી |
| ૨૩. | જાન્યુઆરી-૨૦૧૪ | પ્રિ.ડૉ. ઈસ્મમાઈલ ભાણા (ઝંબુસર કોલેજ) | ભગવદ્ગીતા | — |
| ૨૪. | માર્ચ-૨૧૦૪ | પ્રા. ડૉ. ચૈતન્યભાઈ દેસાઈ(MTB સુરત) | સળગતા સૂરજમુખી | વિનોદ મેઘાણી(અનુવાદીત) |
| ૨૫. | મે-૨૦૧૪ | પ્રિ.ડૉ.જે.ટી.દેસાઈ (લોકોલેજ),વલસાડ | ગુજરાતની વનસ્પતિ | શ્રી સુરેશ દીક્ષિત |
| ૨૬. | જૂલાઈ-૨૦૧૪ | પ્રો. શોભના પી. છાપીયા (અમરોલી કોલેજ) | સ્ત્રીઓના અધિકારો | શ્રી યોગક્ષમ માનવ ગૌરવ સંસ્થાન |
| ૨૭. | ઓગષ્ટ-૨૦૧૪ | પ્રો. હંસાબેન પરમાર, J.P.S., VALSAD | "સ્ત્રી" દીકરી-પત્ની-માતા | શ્રીમતી ગીતા ઉનડકટ |
| ૨૮. | સપ્ટેમ્બર-૨૦૧૪ | પ્રિ.ડૉ.ભરતસિંહ ઠાકોર (VNSGU,સુરત) | બોમદિલા (નવલકથા) | અવિનાશ બિનીવાલા |
| ૨૯. | ઓકટોબર-૨૦૧૪ | પ્રા. ડૉ. જયશ્રીબેન સોલંકી (મોટા પોંઢા કોલેજ) | 'માંગલ્યકથાઓ' | ભગવતીકુમાર શર્મા |
| ૩૦. | નવેમ્બર-૨૦૧૪ | પ્રા. ડૉ. મીતાબેન પારેખ (ધરમપુર કોલેજ) | વાણી બોલીએ જાણી તો સમૃદ્ધિની સરવાણી | ડૉ. દોલતભાઈ દેસાઈ |
| ૩૧. | ડિસેમ્બર-૨૦૧૪ | ડૉ.ઈન્તેખાબ અનસારી(ખરોડ બી.એડ.કોલેજ) | યુ કેન વીન | શિવ ખેરા |
| ૩૨. | જાન્યુઆરી-૨૦૧૫ | પ્રા. એન. એન. ગામીત | પ્રેરણાનું ઝરણું | ડૉ. જિતેન્દ્ર અઢિયા(એમ.ડી.) |
| ૩૩. | ફેબ્રુઆરી-૨૦૧૫ | પ્રા. ડૉ. દિપિકાબેન શાહ (હેડ, શિક્ષણ વિભાગ, (VNSGU,સુરત) | Enlightenment : The only Revolution | ઓશો |
| ૩૪. | માર્ચ-૨૦૧૫ | પ્રા. આર.પી.પટેલ, ઓલપાડ કોલેજ | Power of your subconscious mind. | Dr. Josef Marfi |

# કોલેજમાં આમંત્રિત વિદ્વાન આદરણીય મહાનુભવો

જાણીતા શિક્ષણશાસ્ત્રી અને કટારલેખક ડો. શશિકાંત શાહે પોતાની કોલમમાં એકવાર નોંધ્યુ હતું કે તમારી સંસ્થામાં કયા પ્રકારના મહાનુભવો પધારે છે, તેને આધારે પણ તમારી સંસ્થાનું મૂલ્યાંકન થતું હોય છે, આ વાત અમો બરાબર સમજીએ છીએ અને તેથી જ વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી શકે એવા જ મહાનુભવોને અમો આમંત્રિત કરીને એમની સેવાનો લાભ લઈએ છીએ. આ વિદ્વાન મહાનુભવોએ અમારા વિદ્યાર્થીઓ માટે એમનો અમૂલ્ય સમય ફાળવ્યો તેથી અમો એમના ઋણી છીએ.

## છેલ્લા દશ વર્ષના પારિતોષિક વિતરણ સમારોહના મુખ્ય મહેમાનશ્રીઓ

**શૈક્ષણિક વર્ષ : 2005-2006 (૩૩મો વાર્ષિકોત્સવ)**

- **ડૉ. પરેશભાઈ મોઘાભાઈ દેસાઈ**
  ખ્યાતનામ યુરોલોજીસ્ટ, નવસારી
- **શ્રી દિનેશભાઈ દાસા**
  સિન્ડીકેટ સદસ્યશ્રી,VNSGU, સુરત

**શૈક્ષણિક વર્ષ : 2006-2007 (૩૪મો વાર્ષિકોત્સવ)**

- **ડૉ. વિમળાબેન સિધ્ધાર્થભાઈ લાલભાઈ**
  ઉદ્યોગપતિ, અતુલ લિ., અતુલ
- **ડૉ. જાલ તુરેલ**
  સહમંત્રી, શ્રી નુતન કેળવણી મંડળ, વલસાડ

**શૈક્ષણિક વર્ષ : 2007-2008 (૩૫મો વાર્ષિકોત્સવ)**

- **પ્રૉ. ડૉ. રમેશચંદ્ર કોઠારી**
  વાઈસ ચાન્સેલરશ્રી, VNSGU,સુરત
- **શ્રી હર્ષદભાઈ શાહ**
  ઉપાધ્યક્ષશ્રી, વિદ્યાભારતી, પશ્ચિમ ક્ષેત્ર, બારડોલી

**શૈક્ષણિક વર્ષ : 2008-2009 (૩૬મો વાર્ષિકોત્સવ)**

- **શ્રી દિનકરભાઈ નાયક**
  ઉદ્યોગપતિ અને શિક્ષણવિદ્દ, સુરત
- **શ્રી દિપકભાઈ આફ્રિકાવાળા**
  સિન્ડીકેટ સદસ્યશ્રી, VNSGU, સુરત

**શૈક્ષણિક વર્ષ : 2009-2010 (૩૭મો વાર્ષિકોત્સવ)**

- **પ્રો. જે. બી. પટેલ**
  ચેરમેનશ્રી, નેશનલ સુગર ફેડરેશન, દિલ્હી
- **પ્રિ. ડૉ. દિનુભાઈ નાયક**
  પૂર્વ આચાર્યશ્રી, બી. એડ્. કોલેજ, બીલીમોરા

**શૈક્ષણિક વર્ષ : 2010-2011 (૩૮મો વાર્ષિકોત્સવ)**

- **પ્રિ. જે. એમ. નાયક**
  નવયુગ કોમર્સ કોલેજ, સુરત
- **ડૉ. શશિકાંત શાહ**
  કટાર લેખક, પૂર્વ હેડ, શિક્ષણ વિભાગ, VNSGU, સુરત

**શૈક્ષણિક વર્ષ : 2011-2012 (૩૯મો વાર્ષિકોત્સવ)**

- **મા. શ્રી ગફુરભાઈ બિલખીયા**
  એજ્યુકેશનલ રીફોર્મર, ગાંધીવાદી સામાજિક કાર્યકર, વાપી
- **શ્રી મહાદેવભાઈ દેસાઈ**
  આર્કિટેક્ટ એન્જીનીયર, વાંચે ગુજરાત અભિયાન, ગુજરાત રાજ્યના સેક્રેટરી

**શૈક્ષણિક વર્ષ : 2012-2013 (૪૦મો વાર્ષિકોત્સવ)**

- **મા. શ્રી એમ. એફ. સૈયદ**
  પ્રિન્સીપલ ડીસ્ટ્રીક્ટ જડ્જ, વલસાડ
- **પ. પૂ. શ્રી જિનચંદ્રજી મહારાજ**
  (બંધુત્રિપુટી) તિથલ, વલસાડ

**શૈક્ષણિક વર્ષ : 2013-2014 (૪૧મો વાર્ષિકોત્સવ)**

- **મા. શ્રી દોલતભાઈ દેસાઈ**
  પૂર્વ ધારાસભ્યશ્રી, ગુજરાત રાજ્ય, વાઘલધરા
- **ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ**
  ડીનશ્રી, મેડીકલ ફેકલ્ટી, VNSGU, સુરત.

**શૈક્ષણિક વર્ષ : 2014-2015 (૪૨મો વાર્ષિકોત્સવ)**

- **મા. શ્રી સંજયભાઈ દેસાઈ**
  સેનેટ/સીન્ડીકેટ સભ્યશ્રી, VNSGU, સુરત.
- **પ્રિ. એન. ડી. ગામી**
  પૂર્વ આચાર્યશ્રી, કોમર્સ કોલેજ, વલસાડ.

## છેલ્લા દશ વર્ષમાં આંતરકોલેજ વ્યાખ્યાનમાળામાં પધારેલ વિદ્વાન વકતાઓ

**શૈક્ષણિક વર્ષ : 2005-2006**

- **પ્રૉ. ડૉ. શશિકાંત શાહ**
  કટાર લેખક, પૂર્વ હેડ, શિક્ષણ વિભાગ, VNSGU, સુરત
- **શ્રી ડૉ. વિક્રમભાઈ દેસાઈ**
  આચાર્યશ્રી, સિધ્ધાર્થ લૉ કોલેજ, ખોલવડ

**શૈક્ષણિક વર્ષ : 2006-2007**

- **પ્રો. ડૉ. અપૂર્વભાઈ દેસાઈ**
  હેડ, કોમ્પ્યુટર વિભાગ, VNSGU, સુરત
- **પ્રો. ડૉ. વિનોદભાઈ પટેલ**
  રીડર, DBIM, VNSGU, સુરત

**શૈક્ષણિક વર્ષ : 2007-2008**

- **પ્રિ. ડૉ. નાનુભાઈ પટેલ**
  પૂર્વ આચાર્ય, બી. એડ્. કોલેજ, બીલીમોરા
- **પ્રૉ. ડૉ. મીનુ પરબિયા**
  પૂર્વ હેડ, બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટ, VNSGU, સુરત

**શૈક્ષણિક વર્ષ : 2008-2009**

- **પ્રો. ડૉ. જયદિપભાઈ ચૌધરી**
  રીડર, DBIM, VNSGU, સુરત
- **પ્રિ. યોગેશભાઈ ભટ્ટ**
  આચાર્યશ્રી, વનરાજ કોલેજ, ધરમપુર

**શૈક્ષણિક વર્ષ : 2009-2010**

- **પ્રિ. ડૉ. સુનીલભાઈ મરજાદી**
  આચાર્યશ્રી, કેબીએસ કોલેજ, વાપી
- **પ્રો. મહાદેવભાઈ દેસાઈ**
  ગાર્ડા કોલેજ, નવસારી

**શૈક્ષણિક વર્ષ : 2010-2011**

- **પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયક**
  આચાર્યશ્રી, બી. એડ્. કોલેજ, બિલીમોરા
- **પ્રિ. ડૉ. જાગૃતિબેન પટેલ**
  આચાર્યશ્રી, લૉ કોલેજ, સુરત

**શૈક્ષણિક વર્ષ : 2011-2012**

- **પ્રિ. ડૉ. ભાસ્કરભાઈ રાવલ**
  આચાર્યશ્રી, ઝાડેશ્વર કોલેજ, ભરૂચ
- **શ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયા**
  આચાર્યશ્રી, વ્યારા કોલેજ, વ્યારા

**શૈક્ષણિક વર્ષ : 2012-2013**

- **પ્રિ. ડૉ. પ્રફુલ્લસિંહ રાજ**
  આચાર્યશ્રી, બી. એડ્. કોલેજ, ખરોડ
- **પ્રૉ. આઈ. કે. પટેલ**
  સ્ટેટેસ્ટીકસ ડિપાર્ટમેન્ટ, વનરાજ કોલેજ, ધરમપુર

**શૈક્ષણિક વર્ષ : 2013-2014**

- **પ્રિ. ડૉ. કમલકાંત છાયા**
  આચાર્યશ્રી, સરકારી સાયન્સ કોલેજ, ચીખલી
- **પ્રિ. ડૉ. જે. ટી. ચૌધરી**
  આચાર્યશ્રી, આર્ટસ એન્ડ કોમર્સ સરકારી કોલેજ, વાંસદા

**શૈક્ષણિક વર્ષ : 2014-2015**

- **પ્રિ. ડૉ. જયંતિભાઈ ચૌધરી**
  આચાર્યશ્રી, આટ્ર્સ કોલેજ, બુહારી
- **પ્રિ. ડૉ. વિજયભાઈ જોષી**
  એમ. કે. કોમર્સ કોલેજ, ભરૂચ

ડૉ. જે.એમ.નાયક લંડન ખાતે પેપર રજુ કરશે.

કોમર્સ કોલેજમાં પુસ્તક પ્રદર્શન

કોમર્સ કોલેજ વલસાડમાં યોજાયેલ એન.એસ.એસ.ઓરિયેન્ટેશન કાર્યક્રમ

કોલેજના સ્વ. શિવમ ભનીની સ્મૃતિમાં વક્તૃત્વ સ્પર્ધા

કોમર્સ કોલેજમાં એઈડ્સ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કોમર્સ કોલેજ વલસાડમાં શિક્ષક દિનની ઉજવણી

કોલેજના ઈતિહાસમાં પ્રથમવાર ૬ અધ્યાપકોના રિસર્ચ પ્રોજેક્ટની દરખાસ્તને મંજૂરી



વલસાડ કોમર્સમાં પુસ્તક પરિચય કાર્યક્રમ

## કોમર્સ કોલેજના કર્મઠ આચાર્ય ડૉ. જે.એમ.નાયક નગર રત્નથી વિભૂષિત

કોમર્સ કોલેજ વલસાડમાં યોજાયેલ એન.એસ.એસ. ઓરિયેન્ટેશન કાર્યક્રમ

વલસાડ કોમર્સના પ્રા. ડૉ.સી.પટેલ અને શ્રી વિતાન વોરા રાજ્ય પુરસ્કાર એવોર્ડ થી સન્માનિત

**વલસાડ કોમર્સ કોલેજ દ્વારા ચશ્મા શિબિર યોજાયો**

**કોલેજનાં વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ વિષે માહિતગાર કરાયા**

**વલસાડના પ્રા. ડૉ. ચૌહાણ દ્વારા મુંબઈ યુનિવર્સિટીમાં પેપર રીડીંગ**

નર્મદ જન્મ જયંતિ નિમિત્તે કોમર્સ કોલેજ વલસાડમાં નિબંધ સ્પર્ધા

વલસાડ કોમર્સ કોલેજના એનસીસી કેડેટ્સની પ્રજાસત્તાકદિન પરેડ માટે પસંદગી



કોમર્સ કોલેજ વલસાડમાં પોસ્ટર મેકીંગ સ્પર્ધાનું આયોજન

# વિદ્યાર્થી સંઘ દ્વારા ગ્રાઉન્ડમેન ઉત્તમભાઈ રાઠોડનું બહુમાન

કોમર્સ કોલેજ વલસાડના વિદ્યાર્થીઓ ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડનો હિસ્સો બન્યા

## કોમર્સ કોલેજ, વલસાડમાં યોજાયેલ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

વલસાડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓએ સ્વચ્છતાના શપથ લીધા

આંતર કોલેજ ક્રિકેટ સ્પર્ધામાં વલસાડ કોલેજની ટીમની હેટ્રિક

**વલસાડની કોમર્સ કોલેજમાં ગ્રંથાલય સપ્તાહ ઉજવાયો**

## વલસાડ કોમર્સ કોલેજ ખાતે યોજાયેલ આઈ.એ.એસ.એન્ટ્રન્સ પરીક્ષા

કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓની કન્સલ્ટન્સી સર્વિસ

કોમર્સ કોલેજ, વલસાડમાં યોજાયેલ રંગોળીના વર્ગો

## વલસાડ કોમર્સ કોલેજમા વિશ્વમાતૃભાષા દિનની ઉજવણી

**કોમર્સ કોલેજ સમિફાઈનલમાં પહોંચી**

વલસાડ કોમર્સમાં રાષ્ટ્રિય ગ્રંથાલય સપ્તાહ ઉજવણી

કોમર્સ કોલેજ, વલસાડમાં થયેલ મહાત્મા ગાંધીનિર્વાણદિનની ઉજવણી

કોમર્સ કોલેજ વલસાડમાં યોજાયેલ 'સ્ત્રી વિષયક કાયદાઓ' ઉપર વ્યાખ્યાન

યુજીસી દ્વારા વલસાડ કોમર્સ કોલેજના છ માસનો રિસર્ચ પ્રોજેક્ટ મંજૂર કરાયાં

કોમર્સ કોલેજમાં સ્વ.ની સ્મૃતિમાં વ્યાખ્યાન માળા

વલસાડની કોમર્સ કોલેજમાં દ્વિતીય રક્તદાન કેમ્પ યોજાયો

કોમર્સ કોલેજ, વલસાડમાં થયેલ એન.એસ.એસ.ડે ની ઉજવણી

કોમર્સ કોલેજ, વલસાડમાં વિદ્યાર્થી માટેનો પુસ્તક પરિચય કાર્યક્રમ

## વલસાડ કોમર્સમાં સ્વાતંત્ર્ય પર્વના પરિપ્રેક્ષ્યમાં રેખાચિત્ર સ્પર્ધા

# આપણી યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત ન્યુઝલેટરમાં આપણી કોલેજ

## કારકિર્દી

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૨૫/૫/૧૪ ના રોજ ડો. સૌરભ જે. દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ઇન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ સ્ટડીઝ, આમડપોર, નવસારી ખાતે આઈ. એ. એસ. કોચિંગ સેન્ટરમાં પ્રવેશ મેળવવા માટેની આઈ.એ.એસ.એન્ટ્રન્સ પરીક્ષા યોજવામાં આવી હતી. પ્રિ. ડો. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળની સમગ્ર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેમાં કુલ ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પરીક્ષા માટે ઇન્સ્ટીટ્યુટ તરફથી શ્રી રોનકભાઈ મહેતા અને તેમની ટીમનાં સભ્યો હાજર રહ્યા હતા. કોલેજ તરફથી પ્રા. એમ. જી. પટેલ અને પ્રા. એમ. એ. મુલ્લાએ પરીક્ષા અંગેની જરૂરી વ્યવસ્થા કરી હતી તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## એવોર્ડ



વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા અનેકવિધ કાર્યક્રમોની શૃંખલાઓ દ્વારા વ્યક્તિત્વ વિકાસ માટે ઉલ્લેખનીય કામગીરી કરનાર શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડનાં કર્મઠ અને ગતિશીલ આચાર્ય ડો. જે. એમ. નાયકને જે.સી.આઈ. વલસાડ દ્વારા 'ગંગારતન' એવોર્ડથી સન્માનિત કરાયા હતા. કોલેજ મલ્ટી મીડીયા હોલ માટે યોજાયેલ એક સમારંભમાં વિદ્યાર્થીઓમાં શિસ્ત, નિયમિતતા અને ગુણવત્તા જેવા મૂલ્યો સીંચી ઉચ્ચશિક્ષણ ક્ષેત્રમાં બહુઆયામી શિક્ષણ માટેની ભૂમિકા રચવા માટે ડો. નાયક યાદ રહેશે તેમ જેસીઆઈના પ્રમુખશ્રી શ્રીકાંત કનોજિયાએ ટ્રોફી તથા ઉપાચાર્ય પ્રા. ટી. જી. પટેલે પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. પ્રતિભાવ વક્તવ્યમાં ડો. નાયકે આ સન્માન મારું નહીં પરંતુ મારા વિદ્યાર્થીઓ અને સંસ્થાનું છે એમ જણાવી પડકારો સામે ઝઝૂમતાનો સફળતાનો મંત્ર ગણાવ્યો હતો. તેમણે વિદ્યાર્થી ઉમદા અને માહિતીસભર બને તેવી રીતે તૈયાર કરવાની જવાબદારી શૈક્ષણિક સંસ્થાઓની છે તેથી આ કામગીરી સ્વાભાવિક જ છે તેમ જણાવી સંસ્થાના વિકાસમાં સહભાગી સ્વયંસેવી સંસ્થાઓ, વ્યક્તિવિશેષો તથા સંચાલક મંડળનો આભાર સ્વીકાર કર્યો હતો. તેમણે પોતાને આ સન્માન યોગ્ય ગણવા બદલ જેસીઆઈ વલસાડનો હૃદયપૂર્વક આભાર માની જેસીઆઈ અને કોમર્સ કોલેજ વલસાડ બંને સંસ્થાઓ યુવાનો ઘડવાની પ્રવૃત્તિઓ પોતપોતાના દાયરામાં રહી પ્રશંસનીય રીતે કરી રહી હોવાનો ઉલ્લેખ કરી બંને સંસ્થાઓ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડની વિદ્યાર્થીની કુ. ફાલ્ગુની પટેલ તા. ૧૮/૭/૧૪ ના રોજ આર્ટસ કોલેજ, અમરોલી ખાતે યોજાયેલ યુનિવર્સિટી કક્ષાની આંતર કોલેજ પ્રાર્થના સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા છે. એમને માર્ગદર્શન અને પ્રોત્સાહન ગીત-સંગીત નૃત્યધારાના કન્વીનર ડો. દક્ષા ઠાકોરે પુરું પાડ્યું હતું. એમને શિલ્ડ, સર્ટીફિકેટ અને રૂ. ૭૦૧નું રોકડ પ્રાપ્ત થયેલ છે.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં પ્રિ. ડો. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતા, વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે સેલ કન્વીનર ડો. દક્ષા ઠાકોરના પ્રોત્સાહન થકી તા. ૨૬/૭/૧૪ ના રોજ અરેબીક અને ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધામાં કુલ ૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પૂર્વ વિદ્યાર્થીની કુ. આરતી રાંકએ સેવા પૂરી પાડી હતી. તેમણે વિદ્યાર્થીઓને અરેબીક અને ટ્રેડીશનલ મહેંદી વચ્ચેનો તફાવત સમજાવી આકર્ષક મહેંદી હાથોમાં કેવી રીતે સજાવી શકાયતે અંગેની સમજ આપી હતી. ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધામાં કુ. પાયલ પટેલ પ્રથમ ક્રમે, કુ. હીનલ પટેલ દ્વિતીય ક્રમે તથા કુ. દિવ્યાની જોશી તૃતીય ક્રમે તેમજ અરેબીક મહેંદી સ્પર્ધામાં કુ. ઉઝમા પટેલ પ્રથમ ક્રમે, કુ. ટ્વીંકલ ટંડેલ દ્વિતીય ક્રમે કુ. હેમાક્ષી પ્રજાપતિ તૃતીય ક્રમે વિજેતા થયા હતા.

## પ્રવેશોત્સવ

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૪/૮/૧૪ ના રોજ એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓને આવકારવા માટેનો પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ સમારંભમાં સરકારી વિજ્ઞાન કોલેજ, ચીખલીના આચાર્યશ્રી ડૉ. કે. જી. છાયા, વાલોડ સરકારી કોલેજ પ્રા. ભદ્રેશભાઈ પરમાર તથા કે. સી. જી. એન શિક્ષણ વિભાગ, ગાંધીનગરના પ્રોગ્રામ ઓફિસર શ્રી અમિતકુમાર ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયકે મહાનુભવોનું સ્વાગત કરી સપ્તધારા અંતર્ગત કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત સરકારશ્રીના પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓને કે. સી. જી. ની પ્રવૃત્તિઓથી તથા કે. સી. જી. ગીતથી માહિતગાર કર્યા હતા. તથા કોલેજની પ્રગતિના યોગદાનમાં અમૂલ્ય ફાળો આપનાર સીનીયર વિદ્યાર્થીઓ શ્રી વિતાન, કુ. ચેતના તથા કુ. ફાલ્ગુનીનું પુસ્તક પુષ્પથી સન્માન કર્યું

## માર્ગદર્શન

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડના સંસ્કારગૃપના વિદ્યાર્થીઓએ તા. ૧૧/૭/૧૪ ના રોજ માસ વેલ્યુ પ્રા. લિ. તરફથી મધુસ્મૃતિ હોલ ખાતે કંપનીના માર્કેટિંગ હેતુસર યોજાયેલ એક કાર્યક્રમમાં પોતાની દેશભક્તિની કૃતિ નૃત્યના ફોર્મમાં રજૂ કરી હતી. આ ગૃપના સભ્યોને માર્ગદર્શન અને પ્રોત્સાહન ગીત-સંગીત નૃત્યધારાના કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે આપ્યા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ વલસાડના કુલ ૨૧ વિદ્યાર્થીઓનું સંસ્કાર ગૃપ જે. સી. આઈ, વલસાડ દ્વારા તા. ૧૩/૭/૧૪ ના રોજ ટાઉન હોલ ખાતે યોજાયેલ રીમઝીમ મેગા ડાન્સ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા હતા. તેઓને સર્ટીફીકેટ તથા રૂા. ૫૦૦૦/- નું કેશ પ્રાઈઝ પ્રાપ્ત થયું હતું. તેમને ગીત ગીત સંગીત નૃત્યધારાના કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે પ્રોત્સાહન પુરું પાડયું હતું. કુલ ૧૯ પ્રોફેશનલ ગ્રુપ ડાન્સમાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થવા બદલ આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયકે, ઉપાચાર્ય ટી. જી. પટેલ, કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે તથા સમગ્ર કોલેજ પરિવારે ગૃપના સભ્યોને અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા. આ કૃતિની નોંધનીય બાબત એ રહી હતી કે ગૃપના સભ્યોએ ભેગા મળીને સમગ્ર કૃતિ જાતે તૈયાર કરી હતી. હાજર રહેલ મુંબઈના નિર્ણાયકોએ તેમના સ્થાને ઉભા થઈને કલાકારોને સન્માનિત કર્યા હતા.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે પ્રિ. ડો. જે. એમ. નાયકના માર્ગદર્શનથી રોફેલ કોલેજ, વાપીથી પધારેલ ડો. પંકજભાઈ પટેલ અને ડો. કેદારભાઈ શુકલએ બી. કોમ. પછી શું ? એ બાબતે માર્ગદર્શન આપ્યુ હતું. જેમાં વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી અંગેની માહિતી આપવા બદલ વિદ્યાર્થીઓએ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. કે. એચ. પુરોહિતે કર્યું હતું.

## એન.સી.સી.

વલસાડ સ્થિત શાહ એન. એચ. કોમર્સ કોલેજમાં સક્રિયપણે કાર્યરત એન.સી.સી. યુનિટની વિઝિટ માટે ૨૦ ગુજરાત બટાલીયન એન.સી.સી. નવસારી યુનિટના કમાન્ડીગ ઓફિસર કર્નલ એસ.ડી. મહેતાએ મુલાકાત લીધી હતી. મલ્ટી મીડીયા હોલમાં પ્રથમ વર્ષ એન.સી.સી. પ્રવૃત્તિના લાભો, વ્યક્તિત્વ વિકાસ, તેમજ સંરક્ષણ ક્ષેત્રમાં જોડવા માટેનું મોટીવેશનલ વ્યાખ્યાન આપ્યું હતું. જેનાથી ઘણા વિદ્યાર્થીએ એન.સી.સી. માં જોડાવા માટે પ્રેરાયા હતા. એન.સી.સી. પ્રવૃત્તિથી કમાન્ડીંગ ઓફિસર પ્રભાવિત થયા હતા. આ કાર્યક્રમનું સંચાલન એન.સી.સી. ઓફિસર લે. મુકેશભાઈ પટેલ તેમજ સિનિયર એન.સી.સી. કેડેટ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રિ. ડો. જે. એમ. નાયકના માર્ગદર્શનથી યોજાયેલ આ કાર્યક્રમનો વિદ્યાર્થીઓએ લાભ ઉઠાવ્યો હતો.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૬/૮/૧૪ ના રોજ આચાર્યશ્રી ડો. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતી ગીત નૃત્યધારા અંતર્ગત કન્વીનર ડો. દક્ષા ઠાકોરના પ્રોત્સાહન થકી ભજન અને વર્ષાગીત સ્પર્ધામાં આવી હતી. સ્પર્ધામાં કુલ ૩૨ કૃતિઓ રજૂ થઈ હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ગુજરાતી વિષયના પૂર્વ આધ્યાપિકા ડો. મીનાબેન શાહ તથા એડહોક અધ્યાપિકા યામિનિ ટંડેલે સેવા પૂરી પાડી હતી. ભજન સ્પર્ધામાં કુ. સોનાલી પ્રજાપતિ પ્રથમ કુ. દક્ષા પઠાણ, દ્વિતીય કુ. વૈશાલી નાંઢા અને શ્રી અંકુર સોલંકી, તૃતીય કુ. ફાલ્ગુની પટેલ, આશ્વાસન ઇનામ માટે વિજેતા થયા હતા. જ્યારે વર્ષાગીત સ્પર્ધામાં કુ. ફાલ્ગુની પટેલ, કુ. દક્ષા પઠાણ, દ્વિતીય કુ. શ્વેતા મિશ્રા, તૃતીય જ્યારે કુ. કાજલ પટેલ આશ્વાસન ઇનામ માટે વિજેતા જાહેર થયા હતા.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં પ્રિ. ડો. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતા વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે સેલ કન્વીનર ડો. દક્ષા ઠાકોરના પ્રોત્સાહન થકી તા. ૨૬/૮/૧૪ ના રોજ અરેબીક અને ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધામાં કુલ ૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પૂર્વ વિદ્યાર્થીની કુ. આરતી રાંકએ સેવા પૂરી પાડી હતી. તેમણે અરેબીક અને ટ્રેડીશનલ મહેંદી વચ્ચેનો તફાવત સમજાવી આકર્ષક મહેંદી હાથોમાં કેવી રીતે સજાવી શકાય તે અંગેની સમજ આપી હતી. ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધામાં કુ. પાયલ પટેલ પ્રથમ ક્રમે, કુ. હીનલ પટેલ દ્વિતીય ક્રમે તથા કુ. ઉઝમા પટેલ પ્રથમ ક્રમે, કુ. ટ્વીંકલ ટંડેલ દ્વિતીય ક્રમે કુ. હેમાક્ષી પ્રજાપતિ તૃતીય ક્રમે વિજેતા થયા હતા.

## પુસ્તક

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડની લાયબ્રેરી સમિતિના નેજા હેઠળ પુસ્તક પરિચય હારમાળા કાર્યક્રમ અંતર્ગત ૨૬ માં મણકાના ઉપક્રમે તા. ૨૫/૭/૧૪ ના રોજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અમરોલીના પ્રા. શોભનાબેન પી. છાપીઆ દ્વારા શ્રી યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન, અમદાવાદ પ્રકાશિત પુસ્તક ''સ્ત્રીઓના અધિકારો'' નો પરિચય કરાવવામાં આવ્યો હતો. તા. ૧૯/૭/૧૪ ના રોજ એફ.વાય.બી.કોમ. ''બી'' ની કુ. જીનલ માંગેલાએ ડો. વોલ્ટર ડોયલ સ્ટેપલ્સ દ્વારા લિખિત પુસ્તક ''થીંક લાઇક અ વીનર'' અને તા. ૨૨/૭/૧૪ના રોજ એ જ વર્ગના શ્રી રાહુલ નાયકાએ સ્વેટ માર્ટન દ્વારા લિખિત ''સફળતા તમારા કદમોમાં'' પુસ્તકોનો પરિચય કરાવ્યો હતો. તથા પ્રિ. ડો. જે. એમ. નાયક તથા એફ. વાય. બી. કોમ. ''બી'' ડિવીઝનના કુ. પીન્કી મિશ્રાએ શ્રી રાજુ અંધારિયા લિખિત ''સમયનો ભષ્ઠ ઉપયોગ કેમ કરશો'', એફ.વાય.બી.કોમ. ''ડી'' ની કુ. ચાંદની ટાંકે પનયાસ મહાબોધિવિજય લિખિત ''મા-બાપને ભુલશો નહિ'' તથા એજ વર્ગના કુ. અસ્મિતા વામને શ્રી ડેલ કાર્નેગી લિખિત ''જીવન જીવી જાણો અને કામની મજા માણો'' પુસ્તકોનો પરિચય કરાવ્યો.

## એન.સી.સી.

વલસાડ કોમર્સ કોલેજની એન.સી.સી. કેડેટનું કલેકટરશ્રીના હસ્તે સન્માન વલસાડ જીલ્લા પોલીસ આયોજીત પરેડ વલસાડના મોંઘાભાઈ હોલ ખાતે યોજવામાં આવી હતી. જેમાં વલસાડ જીલ્લામાં મહિલાઓ દ્વારા થયેલ વિશિષ્ટ કામગીરી બિરદાવવામાં આવી હતી. જેમાં શાહ એન.એચ.કોમર્સ કોલેજની એન.સી.સી. કેડેટ કુ. ભારતી પારસભાઈ શાહનું વોલીબોલ રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ વલસાડ જીલ્લા કલેકટરશ્રીના હસ્તે પ્રમાણપત્ર આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્ત્રીસશક્તિકરણ પરેડમાં ચીફ જસ્ટી એન.સી.સી. કેડેટ બહેનોએ ભાગ લીધો હતો. તથા વલસાડ સ્થિત શાહ એન. એચ. કોમર્સ કોલેજમાં સક્રિયપણે કાર્યરત એન.સી.સી. યુનિટની વિઝિટ માટે ૨૦ ગુજરાત બટાલીયન એન.સી.સી. નવસારી યુનિટના કમાન્ડીગ ઓફિસર કર્નલ એસ. ડી. મહેતાએ મુલાકાત લીધી હતી. મલ્ટી મીડિયા હોલમાં પ્રથમ વર્ષ એન.સી.સી. પ્રવૃત્તિના લાભો, વ્યક્તિત્વ વિકાસ, તેમજ સંરક્ષણ ક્ષેત્રમાં જોડવા માટેનું મોટીવેશનલ વ્યાખ્યાન આપ્યું હતું. એન.સી.સી. પ્રવૃત્તિથી કમાન્ડીંગ ઓફિસર પ્રભાવિત થયા હતા. કાર્યક્રમનું સંચાલન એન.સી.સી. ઓફિસર લે. મુકેશભાઈ પટેલ તેમજ સિનિયર એન.સી.સી. કેડેટ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રિ. ડો. જે. એમ. નાયકના માર્ગદર્શનથી યોજાયેલ આ કાર્યક્રમનો વિદ્યાર્થીઓએ લાભ ઉઠાવ્યો હતો.

# આપણી યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત ન્યુઝલેટરમાં આપણી કોલેજ

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૨/૮/૧૪ ના રોજ પ્રિ. ડો. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ એન. એસ. એસ. ના ઉપક્રમે વલસાડ રક્તદાન કેન્દ્રના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કુલ ૫૫ બ્લડ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. ડો. દક્ષા ઠાકોરે તથા એન. એસ. એસ. ના સ્વયંસેવકોએ દરેક વર્ગખંડોમાં જઈને રક્તદાન માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને રક્તદાન કરવા અપીલ પણ કરી હતી. કાર્યક્રમની શરૂઆત આચાર્યશ્રી, વલસાડ રક્તદાન બેંકના પ્રતિનિધિઓ તથા સ્વયંસેવકોના પ્રતિનિધિઓ દ્વારા દીપ પ્રાગટ્યથી થઈ હતી. આચાર્યશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં યુવાન વિદ્યાર્થીરકતદાતાઓને માનવતાના કાર્યમાં જોડાવા અનુરોધ કર્યો હતો. પ્રોગ્રામ ઓફિસરો શ્રી વી. આર. ચાંપાનેરી તથા પ્રા. એમ. એ. મુલ્લાએ પૂરક કામગીરી કરી શિબિરની વ્યવસ્થા સંભાળી હતી. તમામ સ્ટાફમિત્રોએ આ શિબિરમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને રક્તદાન કરવા ઉત્સાહિત કર્યા હતા. પ્રા. કે.સી.પટેલનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. ના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યુ હતું. તદ્પરાંત એન.એસ.એસ. યુનિટના પાંચ વિદ્યાર્થીઓ શ્રી વિતાન વોરા, કુ. સોનલ પ્રજાપતિ, કુ. કલ્યાણી અશોકભાઈ, કુ. સોનુ પ્રજાપતિ તથા કુ. ઝીલ દેસાઈએ એસ.એસ. અગ્રવાલ કોલેજ, નવસારી ખાતે તા. ૧૬/૮/૧૪ થી તા. ૧૮/૮/૧૪ દરમ્યાન યોજાયેલ ઝોનલ કક્ષાના ત્રિદિવસીય એન.એસ.એસ. કાર્યશિબિરમાં ભાગ લીધો હતો. પ્રોગ્રામ ઓફિસર તરીકે ડો. દક્ષાબેન ઠાકોરે એમની સાથે શિબિરમાં ભાગ લઈ એમને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્વયંસેવકોએ આ ત્રણ દિવસો દરમ્યાન શ્રમકાર્ય મુલાકાત, નાસતા વિતરણ જેવા કાર્યક્રમોમાં તથા આ દિવસો દરમ્યાન યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં સફળતાપૂર્વક વિજેતા જાહેર થઈ. કુ. કલ્યાણી અશોકભાઈ શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે, કાવ્યપઠન અને વાર્તાલેખનમાં દ્વિતીય ક્રમે તથા કાવ્યલેખન અને કુ. સોનાલી પ્રજાપતિ સાથે ક્વીઝ સ્પર્ધામાં તૃતીય ક્રમે કુ. સોનાલી પ્રજાપતિ શીઘ્ર વક્તૃત્વસ્પર્ધામાં તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. કુ. સોનુ પ્રજાપતિ અને શ્રી વિતાન વોરાની પ્રી. આરડીસી પરેડ માટે પસંદગી થઈ હતી. આ તમામ વિદ્યાર્થીઓ હવે રાજયકક્ષાના શિબિરમાં ભાગ લેવા અમદાવાદ જશે.

વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને નગરજનોની હાજરીમાં વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજ સ્વાતંત્ર્યપર્વની ભવ્ય ઉજવણી કરી હતી. એન.સી.સી. ના કેડેટ્સ દ્વારા અપાયેલા ગાર્ડ ઓફ ઓનર ઝીલી લો કોલેજ, વલસાડના ડો. જે. ટી. દેસાઈએ ધ્વજારોહણ કર્યુ હતું. આ પ્રસંગે બોલતા તેમણે વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞાપત્રનો અર્થ સમજાવી દેશ પ્રતિ પ્રતિબધ્ધતા કેળવવા અનુરોધ કર્યો હતો. પ્રિ. ડો. જે. એમ. નાયકની દોરવણી હેઠળ એન.એસ.એસ., એન.સી.સી. તેમજ સ્પોર્ટ્સ સહિત વિશાળ સંખ્યામાં હાજર રહી વિવિધ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રિ. ડો. જે. ટી. દેસાઈ, પ્રિ. ડો. પંકજ દેસાઈ, પ્રિ. ડો. બુટાણી તથા પ્રિ. ડો. પંકજ દેસાઈના હસ્તે ઈનામો વિતરીત કર્યા હતાં. પૂર્વે એન.સી.સી. તથા સ્પોર્ટ્સના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો રજૂ કરી સ્વતંત્રતા દિવસે ખૂબ જ પ્રોત્સાહક બનાવ્યો હતો.

## એવોર્ડ

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડો. એ. એન. માલવીયાની વર્ષ ૨૦૧૩-૧૪ માટે રાજ્યકક્ષાનો રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ માટે રાષ્ટ્રીય સેવા યોજના સેલ, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર, ગુજરાત દ્વારા પસંદગી કરવામાં આવેલ છે. આ એવોર્ડ હેમચદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે, રાષ્ટ્રીય સેવા યોજના દિનની ઉજવણી દરમ્યાન તા. ૨૪/૯/૧૪ ના રોજ ભારત સરકારનાં કૌશલ્ય વિકાસ, ઉધ્યમ શિલતા, યુવા મામલે અને ખેલ મંત્રાલયના સચિવ, શ્રી રાજીવ ગુપ્તા, આઈ.એ.એસ. દ્વારા આપવામાં આવશે. આ યોજના સાથે સંકળાયેલ કોલેજનાં પ્રા. કે.સી. પટેલ પ્રોગ્રામ ઓફિસર, શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ, અને સ્વયંસેવકો (શ્રી વિતાન વોરા, શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ. કુ. વૈશાલી દેસાઈ, શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધરમપુર અને શ્રી યોગેશ ગોહિલ, જે. એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર) ને પણ એવોર્ડ આપવામાં આવશે.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં વાદ્‌સમિતિના ઉપક્રમે પ્રિ. ડો. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ પૂર્વ વિદ્યાર્થીની સ્વ. પૂનમ પટેલની સ્મૃતિમાં યોજાતી વક્તૃત્વ સ્પર્ધા અંતર્ગત 'વિકાસ અને પર્યાવરણ' વિષય ઉપર કુલ ૧૬ વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં. વાઈસ પ્રિન્સીપાલ શ્રી ટી. જી. પટેલે સ્પર્ધાનાં વિષયને સાંપ્રત સમયની માં અનુસારનો ગણાવ્યો હતો. પ્રારંભે વાદ્‌સમિતિના અધ્યક્ષ પ્રા. કે. સી. પટેલે સ્પર્ધા અંગેની પૂર્વભૂમિકા રજૂ કરતાં કોલેજે આંકેલી નવીન પરિપાટી અનુસાર 'વિદ્યાર્થી વિકાસ' કેન્દ્રવર્તી છે તેમ જણાવ્યું હતું. સ્પર્ધાના અંતે કુ. કલ્યાણી પ્રથમ ક્રમે, કુ. મયુરી મિસ્ત્રી દ્વિતીય ક્રમે તથા સોનાલી પ્રજાપતિ તૃતિય ક્રમે વિજેતા જોહર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડો. દિનકર ટંડેલ અને પ્રા. અમૃત પટેલ (આર્ટસ કોલેજ, વલસાડ) સેવા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને વક્તૃત્ત્વકલા માટે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યુ હતું. કુ. સોનાલી પ્રજાપતિએ કાર્યક્રમ સંચાલન તથા કુ. કલ્યાણીએ આભારવિધિ કરી હતી. તથા રંગકલા કૌશલ્ય ધારાના ઉપક્રમે ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. હફીયા દારૂવાલા, દ્વિતીય ક્રમે કુ. લુખના આઈ. મેહરી અને તૃતીય ક્રમે શ્રી સંકેત પટેલ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલના ચિત્રકલાના શિક્ષિકા શ્રીમતિ હેતલબેન દેસાઈએ સેવા આપી હતી. પ્રિ. ડો. જે. એમ. નાયકે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. સ્પર્ધાનું સંચાલન પ્રા. ડો. રશ્મીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તદ્પરાંત આચાર્યશ્રી ડો. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતા એન.એસ.એસ. યુનિટ અંતર્ગત પ્રોગ્રામ ઓફિસર ડો. દક્ષાબેન ઠાકોરના પ્રોત્સાહન થકી તા. ૧૩/૮/૧૪ ના રોજ 'દેશના વિકાસમાં લોકશાહી શાસન વ્યવસ્થાનો ફાળો' વિષય ઉપર નિંબધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં કુ. ડિમ્પલ ભાનુશાલી પ્રથમ ક્રમે , કુ. નિધિ પ્રજાપતિ દ્વિતીય ક્રમે તથા કુ. મેઘા ગોરડ તૃતીયક્રમે વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે ઓલપાડ કોલેજના ગુજરાતી વિભાગના પ્રા. દક્ષા ચૌહાણે સેવા આપી હતી. તથા વલસાડ ગીત સંગીત નૃત્યધારા અને એન.એસ.એસ. ના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪/૮/૧૪ ના રોજ દેશભક્તિ ગીત તથા હળવું કંઠય સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધકોને પ્રોત્સાહન

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે ટી. વાય. બી. કોમ. ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન અંગે એક વ્યાખ્યાન યોજાઈ ગયું. આ વ્યાખ્યાનની શરૂઆત કરતાં પ્રિ. ડો. જે. એમ. નાયકે વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યુ હતું કે આપણા દેશમાં બેરોજગારીની વાતો થાય છે. પરંતુ હકીકતમાં ઉદ્યોગ જગતને તેવાં કૌશલ્ય ધરાવનારા માણસો મળતાં નથી. આથી વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી વિશે વિચારે તેમજ પોતાનું કૌશલ્ય વધારે તે ખૂબ જ જરૂરી છે તેના ભાગરૂપે આજે વાપીની રાજુ શ્રોફ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ઈન્ચાર્જ ડાયરેકટર ડો. પંકજરાય પટેલ તેમજ માર્કેટીંગ વિષય ફેકલ્ટી મેમ્બર ડો. કેદારભાઈ શુકલા દ્વારા સીમેટ પરીક્ષા અંગે તેમજ એમબીએમાં કારકિર્દી બનાવવા અંગે વિશદ્ ચર્ચા થઈ હતી. બંને મહાનુભવોએ સીમેટનાં ઓનલાઈન રજીસ્ટ્રેશનની કાર્યવાહી અંગે, ફી માળખા તથા પરીક્ષામાં પૂછાતાં પ્રશ્નોનાં માળખા વિશે વિગતવાર માહિતી આપી હતી. તેઓએ સીમેટ પરીક્ષા અંગેની તૈયારી કરાવવા માટે ફી માં તાલીમ આપવાની પણ તેમની સંસ્થા દ્વારા તૈયારી બતાવી હતી. આ કાર્યક્રમનું સંચાલન પ્રા.એમ.એ. મુલ્લાએ કર્યુ હતું. તા. ૯/૮/૧૪ ના રોજ આચાર્યશ્રી ડો. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતા વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે ''સ્ત્રી સશકિતકરણ'' પખવાડિયાના ભાગરૂપે વિદ્યાર્થીઓને બહેનોની સલામતી તથા વિકાસને લગતા કાયદાઓ અંગે માહિતી આપતા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ વિષય ઉપર વિસ્તૃત માહિતી અસ્તિત્વ સંસ્થા સાથે જોડાયેલા એડવોકેટ શ્રીમતી અર્ચનાબેન દેસાઈ દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને વક્તાશ્રીનો પુસ્તકપુષ્પથી આવકાર ડો. દક્ષા ઠાકોરે કર્યો હતો.

## ઊજવણી

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૫/૯૧૪ ના રોજ એન.એસ.એસ. ના ઉપક્રમે શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ આચાર્યશ્રી તથા અધ્યાપકેની ભૂમિકા ખુબ સફળતાપૂર્વક નિભાવી હતી. જ્ઞાન સપ્તાહ દરમ્યાન યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ જેવી કે શીઘ્ર વકતૃત્વ, વકતૃત્વ, નિંબઘ લેખન, વર્ગ સુશોભન, પર્યાવરણ બચાવો વિષય સ્લોગન, ચેસ તથા કેરમ સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોનું ઈનામ આપીને સન્માન સમારોહમાં અભિવાદન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડો. જે. એમ. નાયકે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન ડો. દક્ષાબેન ઠાકોરે કર્યુ હતુ. સ્ટેજ વ્યવસ્થા કુ. સોનાલી પ્રજાપતિએ સંભાળી હતી. કાર્યક્રમની પૂર્ણાહૂતિ વડાપ્રધાનશ્રીના પ્રાસંગિક સંબોધનનું જીવંત પ્રસારણ શ્રવણ કરીને કરવામાં આવી હતી. એક દિવસના આચાર્યની ભૂમિકા શ્રી વિતાન વોરાએ અને ઉપાચાર્યની ભૂમિકા કું. કલ્યાણી અશોકભાઈએ ભજવી હતી.

અને માર્ગદર્શન પુરું પાડયું હતું. આ પૈકી દેશભકિત ગીત સ્પર્ધામાં કુ. મોનાલી રાઠોકડ પ્રથમ ક્રમે, કુ. ફાલ્ગુની પટેલ અને કુ. શ્વેતા મિશ્રા દ્વિતીય ક્રમે તથા કુ. દક્ષા પઠાણ અને કુ. સોનાલી પ્રજાપતિ તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. જયારે હળવું કંઠય સંગીત સ્પર્ધામાં કુ. ફાલ્ગુની પટેલ પ્રથમ ક્રમે અને ભોયે પ્રભુદાસ દ્વિતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે મોટાપોંઢા કોલેજના પ્રા. ડો. આશાબેન ગોહિલ તથા ધરમપુર કોલેજના ડો. પારૂલ નાયકે સેવા આપી હતી. આચાર્યશ્રી ડો. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતા વુમન ડેવલપેમનટ સેલના ઉપક્રમે તા. ૧૪/૮/૧૪ ના રોજ 'સ્ત્રી સશક્તિકરણ' વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સેલના કન્વીનર ડો. દક્ષા ઠાકોરના પ્રોત્સાહન થકી કુલ ઓગણોસીતેર સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જે પૈકી કુ. પ્રિયંકા ટંડેલ પ્રથમ ક્રમે, કુ. કલ્યાણી અશોકભાઈ દ્વિતીય ક્રમે તથા કુ. મેઘા ગોરડ તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે ઓલપાડ કોલેજના ગુજરાતી વિભાગના પ્રા. દક્ષાબેન ચૌહાણે સેવા પૂરી પાડી હતી.

આજના ઈન્ફોર્મેશન ટેકનોલોજીના જમાનામાં જો વિદ્યાર્થીઓએ ટકી રહેવું હોય તો એમની પાસે કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું અતિ આવશ્યક અને અનિવાર્ય છે. તેને ધ્યાનમાં રાખીને શાહ એન. એચ. કોમર્સ કોલેજ દ્વારા શ્રીમતી ગજરાબેન ચીમનલાલ પરાગજી દેસાઈના દાન થકી કોમ્પ્યુટર સેન્ટરની શરૂઆત કરવામાં આવી. આશરે ૭૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓએ આ કોમ્પ્યુટર સેન્ટરમાંથી કોર્ષ કરેલ છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ થી UGC NETWORK RESOURCE CENTRE માં કોમ્પ્યુટરના કોર્ષ શરૂ કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં ૩૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓએ કોમ્પ્યુટર કોર્ષ કરેલ છે. કોમ્પ્યુટરના આ વર્ગો શ્રીમતી હેલીબેન ઉપાધ્યાય દ્વારા ચલાવવામાં આવે છે. કોમર્સના વિદ્યાર્થીઓની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને કોમ્પ્યુટરના કોર્ષો Basic અને Tally. ERP 9 કરાવવામાં આવે છે. Basic ના કોર્ષમાં Computer Concept, Ms Word, Ms Excel, Ms Power Point ઉપરાંત Printing, Scanning પણ શીખવવામાં આવે છે તેમજ Tally. ERP 9 માં Service Industry Account, Trading Industry Account and Manufacturing Industry Account શીખવવામાં આવે છે. આ કોર્ષોની ફી બજારના ભાવ કરતા એકદમ ન્યુનતમ રાખવામાં આવી છે કે જેથી દરેક વિદ્યાર્થી આનો લાભ લઈ શકે. આ દરેક કોર્ષ સાથે વિદ્યાર્થીઓને કોર્ષને લગતું મટીરીયલ પણ આપવામાં આવે છે. અને કોર્ષ પુરો થયા બાદ કોલેજનું સર્ટીફીકેટ પણ એનાયત કરવામાં આવે છે. આ કોર્ષ કોલેજનું શૈક્ષણિક કાર્ય શરૂ થાય એ પહેલા અથવા પછીનાં સમયમાં તથા વેકેશનમાં પણ કરાવવામાં આવે છે. આ ઉપરાંત દરેક વર્ગમાં જઈ વિદ્યાર્થીઓને આ કોર્સ અંગેની માહિતી (કાઉન્સેલીંગ) Power Point Presentation દ્વારા આપવામાં આવે છે કે જેથી કોમ્પ્યુટર કોર્સ કરવો શા માટે અનિવાર્ય છે તેનો વિદ્યાર્થીઓને ખ્યાલ આવે.

આ કોર્ષ કોલેજમાં શરૂ કરવાનો હેતુ એ છે કે જ્યારે કોઈપણ વિદ્યાર્થી ગ્રેજ્યુએટ થઈને બહાર નીકળે ત્યારે એની પાસે કોમ્પ્યુટરનું Practical knowledge હોય કે જેથી કોઈપણ જગ્યાએ સરળતાથી નોકરી મેળવી શકાય.

કોમ્પ્યુટર લેબને અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી બનાવવામાં આવી છે અને લેબમાં બધીજ વસ્તુઓ જેવી કે Printer, Scanner, Projector, Webcam, Speaker મુકવામાં આવેલ છે કે જેથી દરેક વિદ્યાર્થીને Practical Knowledge આ બધી જ ટેકનોલોજીનો ઉપયોગ કરતા આવડે અને વિદ્યાર્થીને અ. અંગે માહિતી મળી રહે.

## કોમ્પ્યુટર સેન્ટર અંગે વિદ્યાર્થીઓના પ્રતિભાવ

- "કમ્પ્યુટર સેન્ટર કોલેજ દ્વારા આપેલી સંસ્થા છે. જેનાથી વિદ્યાર્થી અભ્યાસની સાથે સાથે કમ્પ્યુટર વિશે માહિતી મેળવી શકે અને પોતે સમયનો સદઉપયોગ પણ કરી શકે છે. આ સેન્ટર દ્વારા વિદ્યાર્થીને કમ્પ્યુટરની બધી માહિતી પુરી પાડવામાં આવે છે. જેનાથી આગળ જતાં તેનો સારી રીતે ઉપયોગ કરી શકે."

  **– કુ. બિનીતા પટેલ**
  ટી. વાય. બી. કોમ. 'A'

- " કોલેજ કમ્પ્યુટર લેબ રેગ્યુલર ચાલે છે. લેબમાં Tally અને Basic બે કોષ ચાલે છે. ઓછા ખર્ચ અને ઓછી ફી હોવાથી ગરીબ વિદ્યાર્થીઓ પણ ભણી શકે છે. કેમ કે બહારની ફી ઊંચી હોવાથી ગરીબ વિદ્યાર્થી ભણી શકતા નથી. કમ્પ્યુટર લેબમાં સારી એવી સુવિધાઓ છે. દરેક વિદ્યાર્થીઓ કોષ પૂર્ણ થયા પછી પણ પ્રેકટીસ કરી શકે છે. જે દરેક વિદ્યાર્થી ને સારું પ્રોત્સાહન આપે છે. "

  **– શ્રી વિપુલ ચોકસી**
  એફ. વાય. બી. કોમ. 'A'

- "કમ્પ્યુટર લેબ કૉલેજમાં જ હોવાને કારણે વિદ્યાર્થીઓનો સમય પણ બચે છે. અભ્યાસ કરતાં કરતાં શીખી પણ શકાય છે અને કમ્પ્યુટર લેબમાં કમ્પ્યુટર પણ વ્યવસ્થિત રાખવામાં આવ્યા છે જેથી તેનો ઉપયોગ પણ પુરેપુરો કરી શકાય અને વિદ્યાર્થીઓને મદદરૂપ પણ થાય છે. કમ્પ્યુટર લેબમાં વિદ્યાર્થીઓને પુરેપુરું માર્ગદર્શન પુરું પાડવામાં આવે છે."

  **– કુ. સ્મિતા પટેલ**
  ટી. વાય. બી. કોમ. 'A'

- "આપણી કૉલેજમાં જે કમ્પ્યુટર કલાસ ચાલતા છે એ બદલ હું એના સંચાલક ડૉ. જે. એમ. નાયક અને કલાસ ચલાવતા હેલી મેડમનો દિલથી આભાર માનુ છું. કારણ કે આવી ફેસેલિટી બીજી કોલેજોમાં તો નથી જ પરંતુ આ લેબમાં પણ જ ફી ભરવામાં આવે છે એના કરતા ઘણું બધું વધારે નોલેજ વિદ્યાર્થીઓ મેળવી શકે છે."

  **– શ્રી હરેશ જાંજર**
  ટી. વાય. બી. કોમ. 'A'

**શિલ્પી પથ્થર કે માટીમાંથી નવી પ્રતિમા ઉત્પન્ન નથી કરતો,એ તો એમા છુપાયેલું છે તેને પ્રગટ કરે છે. અધ્યાપકે પણ વિદ્યાર્થીમાં છુપાયેલું પ્રગટ કરવાનું છે.**

# ટાઈમ ટેબલ : ૨૦૧૫-૨૦૧૬

| CLASS | MONDAY | | | | TUESDAY | | | | WEDNESDAY | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **F. Y. B. Com.** | I | II | III | IV | I | II | III | IV | I | II | III | IV |
| A | ES | BK | A/C | BA | ES | BA | ECO | — | BK | ENG | — | — |
| B | BK | ECO | ENG | — | STAT | BK | A/C | BA | STAT | BA | ES | — |
| C | STAT | BA | ES | — | A/C | BA | BK | — | ENG | A/C | STAT | ECO |
| D | A/C | ENG | ECO | — | BA | STAT | BK | — | BK | ECO | BA | — |
| E | ECO | ENG | A/C | BA | STAT | BA | ECO | ES | BK | ECO | STAT | A/C |
| **S. Y. B. Com.** | I | II | III | IV | I | II | III | IV | I | II | III | IV |
| A | A/C-I | BA | TAX | — | ECO | ENG | STAT | AC-I | AC-I | TAX | ECO | — |
| B | TAX | A/C-I | ECO | BA | ENG | BA | STAT | ECO | ECO | STAT | AC-II | — |
| C | ECO | A/C-II | BK | BA | TAX | AC-I | BK | AC-II | ECO | BK | AC-II | — |
| D | A/C-I | STAT<br>BK | ECO | — | ECO | ENG | AC-I | AC-II | TAX | STAT<br>BK | BA | ECO |
| **T. Y. B. Com.** | I | II | III | IV | I | II | III | IV | I | II | III | IV |
| A | ENG | A/C<br>STAT | A/C-V | — | BA | STAT | ML | A/C-V | STAT | ECO | ENG | A/C-V |
| B | BA | ECO | ML | — | ECO | A/C-VI | ENG | — | A/C-V | A/C-VI | BA | A/C-VI |
| C | STAT<br>BK | A/C-VI | BA | ECO | ML | A/C-V | BA | ECO | ML | A/C-V | ECO | — |
| **M. Com. - I** | I | II | III | IV | I | II | III | IV | I | II | III | IV |
| | A/C<br>STAT | A/C<br>STAT | A/C<br>STAT | A/C<br>STAT | AD. &<br>SALE | AD. &<br>SALE | A/C<br>STAT | A/C<br>STAT | AD. &<br>SALE | AD. &<br>SALE | MAN.<br>TH. & P. | MAN.<br>TH.& P. |
| **M. Com. -II** | I | II | III | IV | I | II | III | IV | I | II | III | IV |
| | A/C<br>STAT | A/C<br>STAT | A/C<br>STAT | A/C<br>STAT | A/C<br>STAT | A/C<br>STAT | A/C<br>STAT | A/C<br>STAT | FM | FM | A/C<br>STAT | A/C<br>STAT |

# ટાઈમ ટેબલ : ૨૦૧૫-૨૦૧૬

| CLASS | THURSDAY | | | | FRIDAY | | | | SATURDAY | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **F. Y. B. Com.** | I | II | III | IV | I | II | III | IV | I | II | III | IV |
| A | ENG | STAT | A/C | ECO | BK | STAT | — | — | A/C | STAT | ECO | BA |
| B | ECO | ENG | BK | — | A/C | ES | ECO | — | A/C | STAT | BA | — |
| C | ECO | ES | BK | — | ECO | A/C | ENG | — | STAT | BA | BK | — |
| D | A/C | BK | ES | STAT | ENG | ECO | ES | — | STAT | BA | A/C | — |
| E | ENG | STAT | — | — | BK | BK | — | — | ES | A/C | BA | — |
| **S. Y. B. Com.** | I | II | III | IV | I | II | III | IV | I | II | III | IV |
| A | A/C-II<br>STAT | BA | TAX | — | STAT | A/C-II<br>STAT | BA | — | STAT | ECO | A/C-II<br>STAT | ENG |
| B | A/C-II | TAX | ENG | — | STAT | BA | A/C-I | — | TAX | A/C-I | A/C-II | — |
| C | BA | A/C-I | BA | — | A/C-I | ENG | ECO | TAX | ENG | TAX | — | — |
| D | TAX | BA | A/C-I | — | TAX | A/C-II | STAT<br>BK | — | BA | ENG | A/C-II | — |
| **T. Y. B. Com.** | I | II | III | IV | I | II | III | IV | I | II | III | IV |
| A | ML | A/C<br>STAT | BA | — | ECO | STAT | A/C<br>STAT | — | ECO | BA | ML | — |
| B | STAT<br>BK | ECO | A/C-V | — | ML | BA | STAT<br>BK | ENG | ML | A/C-VI | STAT<br>BK | — |
| C | ML | A/C-VI | STAT<br>BK | — | EMG | BA | A/C-VI | — | A/C-V | STAT<br>BK | ENG | — |
| **M. Com. - I** | I | II | III | IV | I | II | III | IV | I | II | III | IV |
| | ECO | ECO | A/C<br>STAT | A/C<br>STAT | A/C<br>STAT | A/C<br>STAT | MAN.<br>TH. & P. | MAN.<br>TH. & P. | ECO | ECO | A/C<br>STAT | A/C<br>STAT |
| **M. Com. -II** | I | II | III | IV | I | II | III | IV | I | II | III | IV |
| | SM | OM | OM | OM | SM | OM | FM | FM | A/C<br>STAT | A/C<br>STAT | SM | SM |

# કેમેરાની આંખે...પ્રવૃત્તિઓની પાંખે

















એપ્રિલ 2014 ની યુનિવર્સિટી પરીક્ષામાં કોલેજમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓ...



78.60% **F.Y.B.Com.** Miss. Swati Prajapati



80.70% **S.Y.B.Com.** Miss. Sonali Prajapati



75.70% **T.Y.B.Com.** Miss. Humera Shaikh



75.70% **M.Com.** Mr. Jiganesh Mistry

## સ્વચ્છતા શપથ

આથી હું સોગંદ લઉં છું કે હું પોતે સ્વચ્છતા પ્રતિ જાગૃત રહીશ અને તેના માટે સમય ફાળવીશ.

પ્રતિવર્ષ ૧૦૦ કલાક એટલે કે પ્રતિસપ્તાહ ૨ કલાક શ્રમદાન કરીને સ્વચ્છતાના આ સંકલ્પને ચરિતાર્થ કરીશ.

હું ગંદકી કરીશ નહિ અને અન્યને કરવા દઈશ નહિ. સૌથી પહેલાં હું સ્વયંથી, મારા કટુંબથી, મારા મહોલ્લાથી, મારા ગામથી તેમજ મારા કાર્યસ્થળથી તેની શરૂઆત કરીશ.

હું એ માનું છું કે વિશ્વના જે પણ દેશો સ્વચ્છ દેખાય છે તેનું કારણ એ છે કે ત્યાંના નાગરિકો ગંદકી કરતા નથી અને થવા પણ દેતા નથી. આ વિચાર સાથે ગામડે-ગામડે અને શેરીએ-શેરીએ સ્વચ્છ ભારત મિશનનો પ્રચાર કરીશ. હું આજે જે સોગંદ લઈ રહ્યો છું, તે બીજા ૧૦૦ વ્યક્તિઓ પાસે પણ કરાવીશ. તેઓ પણ મારી જેમ સ્વચ્છતા માટે ૧૦૦ કલાક આપે, તે માટે પ્રયત્નશીલ રહીશ. મને ખબર છે કે સ્વચ્છતા તરફ લેવાયેલ મારું એક પગલું સમગ્ર ભારત દેશને સ્વચ્છ બનાવવામાં સહાયરૂપ થશે.

## તેજસ્વી તારલા અભિવાદન










**Shah N.H.Commerce College, Valsad**
Dr.Monghabhai Desai Vidyasankul, Tithal Road, Valsad-396001
Ph./Fax: (02632) 254224 Email: shahnhcc@yahoo.com www.shahnhcc.com
Rs. 150/-